


વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-

# ઘનશ્યામ

૧૦ ઓગષ્ટ, ૨૦૨૩ ● વર્ષ : ૪૮
અંક : ૦૮

॥ પ્રથમ નમન પરબ્રહ્મને, જે છે એક જ સર્વાધાર ॥
॥ દ્વિતીય નમન ગુરુદેવને, જે છે સંકલ્પ શ્રીજીના ॥




(૧-૪) વ્હાલા ગુરુજીનું ભાવનગર ખાતે ઝોનલ સત્સંગ વિચરણ (૫-૮) નિકોલ, રાજકોટ, સ્વામિનારાયણ ધામ ખાતે અનુક્રમે પધરામણી તથા સત્સંગ સભામાં લાભ



# GHANSHYAM

10 August, 2023 • Year : 48 • Edition : 08

# ઘનશ્યામ

૧૦ ઓગસ્ટ, ૨૦૨૩ ● વર્ષ : ૪૮ ● અંક : ૦૮

પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ
મુદ્રક : સાધુ પૂર્ણસ્વરૂપદાસ
માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)
મુદ્રણ : વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ
આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક
અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી
(ગુરુદેવ પ.પૂ. બાપજી)
પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી
(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)
તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી
સહતંત્રી : સાધુ રાજીપાસ્વરૂપદાસ
સંપાદક : સાધુ નિર્ગુણજીવનદાસ
લેખનકાર્ય : લેખકવૃંદ

## અનુક્રમણિકા...

૦૪ દિવ્યવાણી
૦૬ વચનામૃત સાર લોયા - ૨ (ભાગ - ૪)
૦૮ Powerful Motivation
૧૧ વાહ ! ગુરુજી ક્યાં આપ અને ક્યાં હું ?

સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ 'ઘનશ્યામ' સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.

**'GTPL-ભક્તિ' ચેનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.**

**પત્રવ્યવહાર માટેનું સરનામું :**
ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર-૭ Visit : www.smvs.org I Email : magazine@in.smvs.org

**ઘરે બેઠા ઑનલાઇન ઘનશ્યામ મેળવવા માટે આપનું નામ, સેન્ટર તથા વૉટ્સઍપ નંબર આજે જ વૉટ્સઍપ કરો :**
૯૪૦૮૩૨૦૦૩૬


કુલ પેજ : ૨૪ + ૪ ટાઈટલ = ૨૮

શ્રીજીમહારાજના સ્વરૂપને ઓળખવું એ સત્સંગનો પ્રારંભ છે અને સ્વ-સ્વરૂપને ઓળખી શ્રીજીમહારાજના સ્વરૂપમાં રોમ રોમપણે જોડાવું એ સત્સંગની પૂર્ણાહુતિ છે. જેને કહેવાય અનાદિમુક્તની સ્થિતિ. શ્રીજીમહારાજ સાથે અતિશય સ્નેહ કેળવાય ત્યારે જ અનાદિમુક્તનું પદ શોભાડ્યું કહેવાય. મહારાજ સાથે અતિશય સ્નેહના નાતે જોડાવાનું સરળ માધ્યમ એટલે પ્રતિલોમ ધ્યાન.

વ્હાલા ગુરુજીએ સંકલ્પ સભામાં ગઢડા પ્રથમના ૫મા તથા કારિયાણીના ૧૨મા વચનામૃતના આધારે ધ્યાનનું મહત્ત્વ અને ધ્યાનનો આગ્રહ ખૂબ જણાવ્યો હતો. આવો તેને વાગોળી, મનન કરી સ્વજીવનમાં ધ્યાનના આગ્રહી બનીએ.

# દિવ્યવાણી

**તા. ૨૯-૬-૨૦૨૩ની ગુરુજીની દિવ્યવાણીમાંથી સંકલિત**



**ગઢડા પ્રથમનું ૫મું વચનામૃત :**

**સ્વામિનારાયણ હરે...**

**"અમારા મુક્તએ સહિત અમારું ધ્યાન કરવું અને તે ધ્યાન કરતાં મૂર્તિ હૃદયને વિષે ન દેખાય તોપણ ધ્યાન કરવું પણ કાયર થઈને તે ધ્યાનને મૂકી દેવું નહિ, એવી રીતના જે આગ્રહવાળા છે તેના ઉપર અમારી મોટી કૃપા થાય છે ને એની ભક્તિએ કરીને અમે એને વશ થઈ જઈએ છીએ."**

સ્થૂળ સત્સંગ આંખે કરીને દેખાય છે. દા.ત. માળા, પૂજા, પ્રદક્ષિણા વગેરે. પરંતુ સૂક્ષ્મ સત્સંગ આંખે કરીને દેખાતો નથી. દા.ત. માળા દરમ્યાન મૂર્તિમાં જોડાવું એ સૂક્ષ્મ સત્સંગ છે, કારણ સત્સંગ છે. કારણમાં કારણ સ્વરૂપ એટલે મૂર્તિ. મૂર્તિ એ સત્સંગનો સાર છે. એ મૂર્તિમાં જોડાઈને જે કાંઈ થાય તે સૂક્ષ્મભક્તિ કહેવાય. આ વચનામૃતમાં મહારાજે સ્થૂળભક્તિ દ્વારા સૂક્ષ્મભક્તિ તરફનું પ્રયાણ કરાવ્યું છે.

ધ્યાન એ સ્થૂળભક્તિ છે પરંતુ ધ્યાન દ્વારા મહારાજમાં જોડાવું, એકાકાર થવું એ સૂક્ષ્મભક્તિ છે. તેથી જ ધ્યાનનો વિષય બહુ ગહન છે. માળા થાય, સેવા થાય, પૂજા થાય, કીર્તનગાન થાય પણ ધ્યાનમાં પાટો ગોઠવો અઘરો છે.

'ધ્યાન કરતાં મૂર્તિ હૃદયને વિષે ન દેખાય તોપણ ધ્યાન કરવું પણ કાયર થઈને તે ધ્યાનને મૂકી દેવું નહીં.' અર્થાત્ જે ધ્યાનના આગ્રહી, ઇશ્કી, આશિક બન્યા હોય, ધ્યાન કરવાની તત્પરતા જાગી હોય તેની ઉપર મહારાજની મોટી કૃપા થાય છે. મોટી કૃપા એટલે મહારાજ એને વશ થઈ જાય છે. ધ્યાનરૂપી ભક્તિએ કરીને મહારાજ એને વશ થઈ જાય છે.

વશ થયા કોને કહેવાય ? તો, આપણે જે જે પ્રાર્થના કરીએ તે સાંભળે, મૂર્તિનું સુખ માગીએ તો મળી જાય, અવરભાવના દેહના દોષો બાળી નાખો અને ટાળી નાખો એવી પ્રાર્થના કરીએ તો ટાળી નાખે આ વશ થયા કહેવાય.

**ધ્યાનનો આવો એકધારો આગ્રહ જગાવવાના બે ઉપાય છે :**

(૧) ધ્યાનનો મહિમા સમજવો, (૨) રાજી કરવાનો આગ્રહ જગાવવો.

કારિયાણીના ૧૨મા વચનામૃતમાં મહારાજે ધ્યાનનો મહિમા જણાવતાં કહ્યું છે કે, "જ્યારે એ જીવને સંતનો સમાગમ મળે ને તે સંતને વચને કરીને પરમેશ્વરનું સ્વરૂપ ઓળખ્યામાં આવે ને તે પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન કરે ને તે પરમેશ્વરના વચનને હૃદયમાં ધારે તેણે કરીને એ કારણ શરીર છે તે બળીને ખોખાં જેવું થઈ જાય છે, જેમ આંબલીનું બીજ હોય ને તે બીજની છાલ બીજ સાથે અતિ દૃઢ ચોંટી હોય પછી તેને જ્યારે અગ્નિમાં શેકે ત્યારે તે છાલ દાઝીને ખોખાં જેવી થઈ જાય ને પછી હાથમાં લઈને ચોળે તો જુદી થઈ જાય તેમ

ભગવાનનું ધ્યાન ને ભગવાનનું વચન તેણે કરીને કારણ શરીર શેકાઈને આંબલીના ફોતરાની પેઠે જુદું થઈ જાય છે ને તે વિના બીજા કોટિ ઉપાય કરે તોય પણ કારણ શરીરરૂપ જે અજ્ઞાન તેનો નાશ થાતો નથી.''

વ્યક્તિ જન્મ ધરે છે ત્યારે ત્રણ પ્રકારના દેહ ધરે છે :

**૧. સ્થૂળ દેહ :** પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ આ પંચભૂતથી બનેલો દેહ – જે આંખે કરીને દેખાય છે તે.

**૨. સૂક્ષ્મ દેહ :** મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર આ ચાર અંતઃકરણ – જે દેખાતા નથી પરંતુ છે તે.

**૩. કારણ દેહ :** જીવાત્મા સાથે અનાદિકાળથી જડાઈ ગયેલ વાસના કહેતાં બંધાઈ ગયેલ અજ્ઞાન તે.

વ્યક્તિનું મૃત્યુ થાય ત્યારે સ્થૂળ દેહ બળી જાય છે પરંતુ આંબલીના કચૂકાની છાલની પેઠે જીવાત્મા ઉપર એક કારણ શરીરરૂપ અજ્ઞાનનું પડળ બંધાઈ જાય છે. પછી જીવાત્મા જે જે જન્મમાં, જે જે દેહમાં જાય છે ત્યાં જેટલી આસક્તિપૂર્વક વિષયવાસના ભોગવે એટલું કારણ શરીરનું પડળ વધુ મજબૂત થતું જાય છે. આ પડળ સોતો જીવાત્મા મૃત્યુ પામે છે એટલે ભગવાનના ધામને પામવાને બદલે જન્મમરણના ચક્રમાં અટવાયેલો રહે છે. એ તો જ્યારે જ્ઞાને કરીને કારણ શરીરરૂપી વાસના ટાળી શુદ્ધ થાય ત્યારે તે ભગવાનના ધામને કહેતાં મૂર્તિના સુખને પામે છે.

કારણ શરીરરૂપી અજ્ઞાનને ટાળવાના ચાર ઉપાય અહીં મહારાજે વચનામૃતમાં જણાવ્યા છે :

૧. સંતનો સમાગમ કરવો.

૨. સંતના વચને કરીને પરમેશ્વરનું સ્વરૂપ ઓળખવું.

૩. પરમેશ્વરનું ધ્યાન કરવું.

૪. પરમેશ્વર તથા સંતના વચનને હૃદયમાં ધારવા.

કયા વચન ? તો, પંચવર્તમાનની આજ્ઞારૂપી વચન તથા 'તું દેહ નથી, આત્મા છું. આત્માને વર્તમાન ધરાવી અનાદિમુક્ત કરી મૂર્તિમાં રાખ્યો. હવે તું અનાદિમુક્ત જ છું.' આ સ્વ-સ્વરૂપના જ્ઞાનરૂપી વચનને વિશ્વાસપૂર્વક હૃદયમાં ધારવા કહેતાં તેનો સ્વીકાર કરવો.

આ જ્ઞાનરૂપી અગ્નિએ કરી કારણ શરીરરૂપી છાલ દાઝીને ખોખાં જેવી થઈ જાય છે. આંબલીના કચૂકાને શેક્યા બાદ હાથે કરીને ચોળવાથી છાલ છૂટી પડી જાય છે તેમ જ્ઞાનરૂપી અગ્નિમાં શેકાયા બાદ ધ્યાન થાય તો કારણ શરીરરૂપ અજ્ઞાન નોખું પડી જાય છે. કારણ શરીરને છૂટું પાડવા માટે જ્ઞાન (મહારાજના સ્વરૂપનું + પોતાના સ્વરૂપનું) અને ધ્યાન બંને જરૂરી છે.

જ્ઞાન કરતાં ધ્યાન શ્રેષ્ઠ છે. પરંતુ પ્રાથમિક કક્ષાએ જ્ઞાન વગરનું ધ્યાન નિરર્થક છે.

ધ્યાન એટલે જ્ઞાનની, સત્સંગ જીવમાં ઊતર્યાની, વાસના કેટલી ટળી છે તેની કસોટી છે. અવરભાવથી કેટલા નિર્લેપ રહેવાય છે તેની કસોટી છે. જેટલો ધ્યાનમાં વધુ પાટો ગોઠે એટલી ભગવાનમાં પ્રીતિ વધુ કહેવાય. ધ્યાન દ્વારા મહારાજમાં જેટલું સ્થિર થવાય એટલો જ સત્સંગ જીવમાં ઊતર્યો કહેવાય.

જીવનપ્રાણ બાપાશ્રીએ ધ્યાનનું મહત્ત્વ જણાવતાં ભાગ-૧ની ૨૬મી વાતમાં કહ્યું છે કે, ''જપ, તપ આદિક સાધનથી કામાદિક શત્રુ ટળે નહિ અને ટાઢું પણ થાય નહીં. એ તો શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન કરવાથી અંતરમાં ટાઢું થાય અને અંતઃશત્રુ વેરાભાઈની પેઠે નાશ થઈ જાય.''

ચોરોના સરદાર વેરાભાઈને શ્રીજીમહારાજે સંત દીક્ષા આપી પરમાનંદ સ્વામી નામ પાડ્યું. કાંકરિયાની ચોરાશીના પ્રસંગે તેજોદ્વેષી વ્યક્તિ સંતોને મારવા આવ્યો ત્યારે આવેશમાં આવી તેઓએ હાથમાં તલવાર લઈ લીધી. લડાઈમાં તેમનો જમણો કાન કપાઈ ગયો ને ખંડિત મૂર્તિ થતાં સાધુમાંથી ગૃહસ્થાશ્રમી થયા. ક્રોધના કારણે મારે સાધુમાંથી વિમુખ થવું પડ્યું એટલે મારે ક્રોધ ન જ જોઈએ. એવા દૃઢ સંકલ્પથી ક્રોધ ટાળવા તેમણે સદ્. ગોપાળાનંદ સ્વામી પાસેથી ઉપાય મેળવી એકાંતે બેસીને ધ્યાન કરવા માંડ્યું.

એક દિવસ વેરાભાઈ ધ્યાન કરતા હતા. એ વખતે તેમના શરીરમાંથી કાળીડિબાંગ આકૃતિઓ બહાર નીકળવા માંડી. તેથી તેઓએ પૂછ્યું, ''તમે બધા કોણ છો ? અને ક્યાં રહેતા હતા ?'' ત્યારે એ આકૃતિઓમાંથી કોઈ કહે, ''હું કામ છું.'' કોઈ કહે, ''હું ક્રોધ છું.'' એમ કહી બોલવા લાગ્યા કે, ''અમે બધા તમારામાં રહેતા હતા પરંતુ હવે તમે શ્રીજીમહારાજનું ધ્યાન કરો છો તેથી મહારાજ આવીને બિરાજમાન થયા એટલે હવે અમે આ ઘર છોડીને જઈએ છીએ.'' આમ, ધ્યાનના અભ્યાસે અંતઃશત્રુ ટળે છે. કારણ શરીર બળે છે.

આમ, કારણ સત્સંગમાં આવી મોટાપુરુષના જોગે ધ્યાન કરીને મૂર્તિ સિદ્ધ કરવી એ જ સત્સંગ કર્યાનું ફળ છે. માટે સ્થિતિના માર્ગે આગળ વધવા આટલું તો દૃઢ કરીએ જ :

- રોજ અડધો કલાક ધ્યાન અવશ્ય કરીએ જ. આ માટે, જ્ઞાન-ધ્યાન ચિંતનનો લાભ લેવા રૂબરૂ મંદિરે જઈએ.



# વચનામૃત સાર

### લોયા-૨ (ભાગ-૪)

જગતભરના તમામ મુમુક્ષુના અંતરમાં એક જ ઝંખના વર્તતી હોય છે. એ છે જન્મમરણના ફેરા ટાળીને ભગવાનના સુખને પ્રાપ્ત કરવાની. દરેક મુમુક્ષુ પોતાની પાત્રતા અનુસાર ભગવાનના સુખને પામવા માટે પ્રયત્ન કરતો હોય છે. પરંતુ જ્યાં સુધી સાચા સદ્ગુરુ ન મળે ત્યાં સુધી સાચા ભગવાનને પામી શકતા નથી. જેમ સાચી મા મળે તો જ સાચો બાપ ઓળખાય. તેમ સાચા સત્પુરુષ મળે તો જ સાચા ભગવાન કહેતાં સનાતન ભગવાન સ્વામિનારાયણ ઓળખાય. પરંતુ મુમુક્ષુ માત્રની અનાદિકાળથી ચાલી આવતી મૂંઝવણ છે કે સાચા સત્પુરુષને ઓળખવા કેવી રીતે ? દરેક શિષ્ય પોતાના ગુરુને સત્પુરુષ જ કહે છે. દરેક પોતાના ગુરુને મોટા જ કહે છે. તો કોનું સાચું માનવું ?

સત્પુરુષ એ પરભાવનું સ્વરૂપ છે. એમને અવરભાવની દૃષ્ટિથી ઓળખવા એ અશક્ય છે. છતાં જેની સૂક્ષ્મદૃષ્ટિ હોય એને આ સ્વરૂપ ઓળખ્યામાં આવે છે. કારણ કે તેઓ પોતાની સમગ્ર સામર્થીને ઢાંકીને વર્તતા હોવા છતાં એમની અલૌકિકતા વારેવારે છલકાયા વગર રહેતી નથી. શ્રીજીમહારાજ પંચાળાના ૪થા વચનામૃતમાં આ વાતનું સમર્થન આપતાં જણાવે છે કે, 'જે બુદ્ધિવાન હોય તેને એમ જણાય ખરું જે એમાં મનુષ્યના સ્વભાવ છે પણ બીજા માણસ જેવા તો નથી. એમાં કાંઈક દિવ્યભાવ છે. તે બુદ્ધિવાનના જાણ્યામાં આવે છે.' અહીં મહારાજે આ લોકની બુદ્ધિની વાત નથી કરી; દિવ્યબુદ્ધિની વાત કરી છે. એવી દિવ્યબુદ્ધિના યોગે સત્પુરુષની ઓળખાણ થાય.

સત્પુરુષની ભૂમિકા જો મુમુક્ષુને સ્પષ્ટ થાય, એમને ઓળખવાના લક્ષણોનો ખ્યાલ આવે તો તેને સત્પુરુષની ઓળખાણ કરવી અતિ સરળ બની જાય. સત્પુરુષનું મુખ્ય કાર્ય છે : સાચા ભગવાનના સ્વરૂપની ઓળખાણ કરાવવી તથા પોતાના સ્વરૂપની (આત્માના સ્વરૂપની) ઓળખાણ કરાવવી અને આત્માનું પરમાત્મા સાથે મિલન કરાવવું. આ માટે તેઓ પોતાના જોગમાં આવનારને સનાતન ભગવાન કોણ છે ? કેવા છે ? તેની ઓળખાણ કરાવે અને તું દેહ નથી, આત્મા છું. હવે તને આત્મા પણ રહેવા દીધો નથી. તારા આત્માને વર્તમાન ધરાવી, દેહ પડાવી અનાદિમુક્ત કરી મૂર્તિમાં રાખી જ લીધો છે. એમ પોતાના (આત્માના) સ્વરૂપની ઓળખાણ કરાવે એ જ સાચા સત્પુરુષ.

એમની દરેક વાતમાં, દરેક ક્રિયામાં આ જ આગ્રહ નિરંતર ચાલ્યો આવતો હોય. એમનો જોગ કરનારને સહેજે એની અનુભૂતિ થાય. આવા સત્પુરુષ ક્યારેય પોતાને ભગવાન કહે જ નહિ કે પોતાના શિષ્ય સમાજને પોતાનો ભગવાન તરીકેનો મહિમા ગાવા દે પણ નહીં. તેઓ કદી કોઈને પોતામાં ન જોડે; એક ભગવાનમાં જ જોડે.

શ્રીજીમહારાજે કૃપા કરીને આપણને આવા દિવ્ય સત્પુરુષ ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની ભેટ



મૃત્યુનો ભય એટલે અકૃતાર્થપણું.

આપી. વળી, ઉપરોક્ત થયેલ વાત આપણે એમના જીવન-કવનમાં સહજ રીતે જોઈ, જાણી ને અનુભવી છે. આપણે એમને ક્યાંય શોધવા જવાની જરૂર નથી. એમણે કૃપા કરી આપણને શોધી લીધા છે. હવે બસ આપણે એમનો જોગ કરી એમનો રાજીપો કમાઈ છતે દેહે મૂર્તિસુખના ભોક્તા થવાનું છે.

અનુભવી સત્પુરુષ ગુરુદેવ પ.પૂ. બાપજીએ તેઓની અનુભવવાણી દ્વારા સ્વમુખવાણી વચનામૃતના ગૂઢ રહસ્યોને પાંથીએ પાંથી છૂટા પાડીને સમજાવ્યા છે. અને શ્રીજીમહારાજના સ્વરૂપની જેમ છે તેમ ઓળખાણ કરાવી છે. તો આવો, લોયાના બીજા વચનામૃતમાં રહેલા શ્રીહરિના ગૂઢ રહસ્યોને સમજીએ. અગાઉના ત્રણ લેખથી આ વચનામૃત ઉપર મંથન કરી મુમુક્ષુને મૃત્યુનો ભય ક્યારે ટળી જાય તે સમજી રહ્યા છીએ.

મૃત્યુનો ભય એટલે જન્મમરણના ફેરાનો ભય. મૃત્યુનો ભય એટલે આત્યંતિક કલ્યાણ થશે કે નહિ તેનો ભય. મૃત્યુનો ભય એટલે અકૃતાર્થપણું.

શ્રીજીમહારાજે ચાર પ્રકારના ભક્તો બતાવ્યા છે. જેને મૃત્યુનો ભય નાશ થઈ જાય છે અને કૃતાર્થપણું મનાય છે. (૧) વિશ્વાસી, (૨) જ્ઞાની, (૩) શૂરવીર, (૪) પ્રીતિવાળો. આગળના ત્રણ લેખોમાં આપણે વિશ્વાસી, જ્ઞાની, શૂરવીર આ ત્રણ પ્રકારના ભક્તનાં લક્ષણો ઉપર વિગતે જાણ્યું. હવે આજે પ્રીતિવાળો ભક્ત કોને કહેવાય ને તેને કઈ રીતે મૃત્યુનો ભય ટળી જાય છે તે સમજીશું.

**વચનામૃત : અને ચોથો જે પ્રીતિવાળો તેને તો પતિવ્રતાનું અંગ છે, જેમ પતિવ્રતા સ્ત્રી હોય તેને પોતાના પતિ વિના બીજે ઠેકાણે વૃત્તિ ડોલે નહિ ને એક પોતાના પતિને વિષે જ પ્રીતિ રાખે તેમ તે ભગવાનનો ભક્ત તે પતિવ્રતાની પેઠે પોતાના પતિ એવા જે ભગવાન તેને વિષે જ પ્રીતિ રાખે, માટે પોતાને કૃતાર્થપણું માને અને તેને મૃત્યુનો ભય પણ લેશમાત્ર હોય નહીં.**

**વિશ્લેષણ :** શ્રીજીમહારાજ અહીં કહે છે કે પ્રીતિવાળાને પતિવ્રતાનું અંગ હોય. પતિવ્રતાનું અંગ એટલે પોતાના ઈષ્ટદેવ સિવાય બીજા કોઈને વિષે પ્રીતિ કે પ્રતીતિ હોય જ નહીં. એક નિષ્ઠા, એક ઉપાસના હોય.

આ વાતને સમજાવવા શ્રીજીમહારાજે અહીં પતિવ્રતા સ્ત્રીનું દૃષ્ટાંત આપ્યું છે. જેમ પતિવ્રતા સ્ત્રીને પોતાના પતિ સિવાય બીજા કોઈને વિષે પ્રીતિ ન થાય. તેમ અમારા ભક્તે અમારા સિવાય કોઈને વિષે પ્રીતિ-પ્રતીતિ રાખવી નહિ એમ મહારાજનો કહેવાનો હેતુ છે.

આવી જ પતિવ્રતાની ભક્તિની વાત શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૫, ગઢડા મધ્યના ૬૨ તથા ગઢડા છેલ્લાના ૧૬મા વચનામૃતમાં પણ કરી છે. પરંતુ દૃષ્ટાંત હંમેશાં એકદેશી હોય. તે કોઈ એક સિદ્ધાંતને સમજવા માટે હોય. તેમાં જો સમજાય નહિ તો મોટી ખોટ આવે. હવે પતિવ્રતા સ્ત્રીનું દૃષ્ટાંત વ્યવહાર માટે બરાબર છે. પરંતુ અધ્યાત્મ માર્ગ માટે બરાબર નથી. કારણ કે એનો બેઠો ઉતારો કરીએ તો એવો અર્થ થાય કે, જે જેની ભક્તિ કરતા હોય એમણે એની જ પતિવ્રતાની ભક્તિ રાખવી. એથી મોટા મળે તોપણ પતિવ્રતાપણું મૂકવું નહીં. આમ, જો યથાર્થ સમજાય નહિ તો આ દૃષ્ટાંત ઊલટાનું બંધનકર્તા છે. માટે અનુભવી મળે તો જ સાચી વાત સમજાવે.

સદ્. ઈશ્વરબાપાએ ગઢડા છેલ્લાના ૧૬મા વચનામૃતની ટીકામાં પાંચમાં પ્રશ્નોત્તરમાં બાપાશ્રી જોડે આનો ખુલાસો કરાવ્યો છે. સદ્. ઈશ્વરબાપાએ પૂછ્યું છે કે, “કોઈ મુમુક્ષુએ અવતારને વિષે પતિવ્રતાની ટેક રાખી હોય ને પછી તેને અવતારી મળે, ને તે અવતારને વિષેથી પતિવ્રતાની ટેક મૂકીને અવતારીને વિષે પતિવ્રતાની ટેક રાખે તો તેને પતિવ્રતાપણામાં ખોટ્ય આવે કે લાભ થાય ?” ત્યારે બાપાશ્રીએ ઉત્તર આપ્યો છે કે, “જ્યારે અવતારી મળે ત્યારે અવતારને વિષે નિષ્ઠા કરી હોય તે મૂકીને અવતારીને વિષે જ પતિવ્રતાની ટેક રાખે, તેમાં કાંઈ બાધ નથી, એમાં તો લાભ જ છે. કેમ જે સર્વના પતિ તો એક અવતારી જ છે, માટે અવતારમાંથી નિષ્ઠા મૂકીને અવતારીમાં નિષ્ઠા કરવી જ અને જ્યાં સુધી સર્વ સુખના ધામ એવા અવતારીની ઉપાસના ન મળે ત્યાં સુધી સર્વોપરી સુખ ન મળે; એ તો જ્યારે અવતારી મળે ને તેમને ઓળખીને તેમની ઉપાસના કરે ત્યારે જ સર્વોપરી સુખની પ્રાપ્તિ થાય.”

આમ, શ્રીજીમહારાજનો આ દૃષ્ટાંત આપવાનો મૂળભૂત હેતુ પોતાને વિષે પતિવ્રતાની ભક્તિ કરાવવાનો હતો. ગુરુદેવ પ.પૂ. બાપજી પણ આ વાતને સરળ રીતે સમજાવતા કે પતિવ્રતાની ભક્તિ કોને વિષે થાય ? તો ભગવાનને વિષે. ખરા ભગવાન કોણ ? તો સનાતન ભગવાન એ જ ભગવાન. માટે એમને વિષે જ પતિવ્રતાની ભક્તિ કરવી અને પછી તે ફેરવવી નહિ કારણ કે નિષ્ઠા (પતિવ્રતાની ભક્તિ) તો હૃદયને ઠેકાણે છે. એટલે તો શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૧૩મા વચનામૃતમાં કહ્યું છે કે, **“ભગવાનના સ્વરૂપની દૃઢતા વિના તો ગમે તેટલો ત્યાગ રાખો ને ગમે તેટલા ઉપવાસ કરો પણ કોઈ રીતે ખામી ભાંગશે નહીં.”** એટલે કે જન્મમરણના ફેરા નહિ ટળે. તો સત્સંગ કર્યાનું ફળ શું ? મર્યા પછી નહિ છતે દેહે મોક્ષની હા પડે તે સત્સંગનું ફળ કહેવાય.

આ ચારેય અંગથી મૃત્યુનો ભય ટળી જાય છે. મહારાજ આ જ વચનામૃતમાં આગળ કહે છે કે, કદાચ ચારેય અંગ બધામાં ન હોય પરંતુ ચાર અંગ માંહ્યલું એક અંગ પ્રધાન હોય ને બીજાં ત્રણ ગૌણ હોય તોપણ જન્મ-મૃત્યુનો ભય ટળી જાય છે. પણ જો આ ચારમાંથી એક પણ અંગ ન હોય તો જન્મ-મૃત્યુનો ભય ટળે નહીં. આપણે આપણું તપાસી આ ચારમાંથી એક અંગ અવશ્ય દૃઢ કરવું.

સંસારનો માર્ગ નદીના પ્રવાહ જેવો છે. એ તો આપમેળે ચાલ્યા જ કરે છે. જ્યારે અધ્યાત્મ માર્ગ એ નેવાના પાણી મોભે લઈ જવા જેવો કઠિન માર્ગ છે. મુમુક્ષુ જ્યારે જાણી લે છે કે સંસારનો સાર નર્યું દુઃખ અને એનું ફળ જન્મમરણની ભવાબ્ધિ જ છે ત્યારે તેનું મન સાંસારિક બાબતોથી પાછું વળી જાય છે અને અધ્યાત્મના ઉત્કૃષ્ટ માર્ગે પ્રયાણ કરે છે. મુમુક્ષુ જગતની રીત કરતાં અધ્યાત્મની રીત જુદી જુએ, નવી જુએ ત્યારે તેના મનમાં પ્રશ્નોની સતત ભરમાર ઊઠતી રહેતી હોય છે. કેટલાક પ્રશ્નો અને તર્ક પણ તેને સતાવતા હોય છે. ત્યારે તેના મનમાં મૂંઝવણ ઊભી થતી હોય છે. તેને સમાવવા મુમુક્ષુ સદ્‌ગુરુનો (સત્પુરુષનો) આશરો લે ત્યારે સર્વે સંતાપ ટળી જાય છે. સદ્‌ગુરુ તરફથી સાચો રાહ મળતાં અધ્યાત્મ ક્ષેત્રે ઊર્ધ્વગતિ પામે છે. અહીં એક મુમુક્ષુ અધ્યાત્મ માર્ગમાં પોતાને અનુભવાતી મૂંઝવણ અને પ્રશ્ન સદ્‌ગુરુને પત્ર દ્વારા લખીને જણાવે છે અને સદ્‌ગુરુ તેને પત્ર દ્વારા તેનો જવાબ આપે છે જેને અહીં આલેખ્યો છે.



# Powerful Motivation

**મુમુક્ષુએ સદ્‌ગુરુને લખેલ પત્ર :**

સદ્‌ગુરુશ્રી,

મારા હૃદય સિંહાસન પર બિરાજિત મારા અતિ વ્હાલા ગુરુવર્યશ્રીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન, કોટિ કોટિ પ્રણામ સહ જય સ્વામિનારાયણ.

દયાળુ, હું સત્સંગમાં જેમ જેમ વધુ આવતો જઉં છું, નવું નવું જાણતો જઉં છું એમ એમ મારા માનસમાં અનેક સવાલો ઊઠતા જાય છે. મારા માટે આપશ્રી જ એવું સ્વરૂપ છો કે મારા મનમાં ઊઠતા તમામ પ્રશ્નો હું વિના સંકોચે આપને પૂછી શકું છું. અને આપ થકી જે માર્ગદર્શન મળે છે તે સીધે સીધું મારા જીવમાં ઊતરી જાય છે. મને by heart તેનો સ્વીકાર થઈ જાય છે. આજે મારે આપશ્રીને સંગ વિષે કંઈક પૂછવું છે.

મેં એક પુસ્તકમાં વાંચ્યું હતું કે, ‘A good company is the most powerful motivation in the spiritual journey.’ અર્થાત્ ‘અધ્યાત્મ યાત્રામાં સૌથી વધુ અસરકારક તત્ત્વ ઉત્કૃષ્ટ સંગ છે.’ તો શું સંગે કરીને જ અધ્યાત્મ યાત્રામાં આગળ વધી શકાય ?

વળી, હું સદ્. ગુણાતીતાનંદ સ્વામીની વાતો વાંચતો હતો તેમાં પણ આવ્યું હતું કે, ‘બે સારા હરિભક્ત અને બે સારા સાધુની સાથે હેત રાખવું.’ તો હેત રાખવું શું ફરજિયાત છે ?

સાચું કહું તો આજના જમાનામાં કોઈ વ્યક્તિ ઉપર વિશ્વાસ મુકાય તેમ જ નથી. સભામાં મુનશીભાઈના બધાએ ખૂબ ગુણાનુવાદ કર્યા. તેમની સંપર્ક સેવા માટે પૂ. સંતો પણ ખૂબ રાજી થયા હતા. તેથી હું તો તેમનાથી ખૂબ પ્રભાવિત થઈ ગયો હતો. રાત-દિવસ તેમની સાથે રહેતો. તેમના જેવા થવાના વિચારો કરતો. એમના જીવનની બધી બાબતો પર આંધળો વિશ્વાસ મૂકી અનુસરતો પરંતુ પાછળથી મારે પસ્તાવું પડ્યું.

આજ સુધી હું કોઈ પણ વ્યક્તિની નિકટ જઉં અને વિશ્વાસ મૂકી તેમના જીવનને બધી રીતે અનુસરું, એમનો સંગ રાખવા જઉં તો પાછળથી પસ્તાવું જ પડે છે. હવે તો કોઈનો સંગ કરવાનું મન જ થતું નથી. વ્યક્તિ ઉપરથી સારી લાગતી હોય છે પણ માંહી તો પોલંપોલ જ હોય છે. ઉપર સારું ને માંહી લપોડશંખ જેવું જીવન હોય છે. અહીં તો સંગ કરવાનો, હેત કરવાનો આગ્રહ કરે છે તો પછી મારે કોનો સંગ કરવો ? કયો સંગ સારો કહેવાય ? કોની સાથે રહી અધ્યાત્મ માર્ગે આગળ વધવું ?

સંગ કરવો એટલે એ વ્યક્તિની સાથે રહેવું, સાથે જમવું, એમની રીત પ્રમાણે આપણે રહેવું એવું જ કે સંગ કરવાની બીજી કોઈ રીત છે ?

આ બાબતે મને યોગ્ય માર્ગદર્શન મળે એવી પ્રાર્થના. લખવામાં કંઈ ક્ષતિ-ત્રુટિ રહી હોય તો દરગુજર કરશો.

આપના સેવક

મુદ્રિતના

પ્રેમભર્યા જય સ્વામિનારાયણ

---

**સદ્‌ગુરુએ મુમુક્ષુને લખેલ વળતો પત્ર :**

મુદ્રિત,

શ્રીહરિના અંતરના રાજીપાના પાત્ર મુદ્રિત, ખૂબ સ્નેહભર્યા જય સ્વામિનારાયણ. તારો પત્ર મળ્યો. હું વાંચી ખૂબ રાજી થયો કે તું સત્સંગના માર્ગે આગળ વધી રહ્યો છે. પરંતુ સંગ કરવાની બાબતમાં તારું અતિ વિશ્વાસુ અંગ અને ભોળપણ તને ક્યાંક સારા-નરસા અનુભવ કરાવે છે. પણ વિવેકજ્ઞાનથી સમજીને સારો સંગ કરવાથી ચડિયાતાથી પણ અતિ ચડિયાતા થઈ જવાય. સંગ આપણા જીવનની બહુ મૂલ્યવાન બાબત છે.

હિન્દીમાં એક પંક્તિ છે કે,

पानी की एक बुंद गर्म तवे पर पड़ती है तो मीट जाती है,<br>
कमल के पत्ते पर गीरे तो मोती की तरह चमकने लगती है;<br>
छीप में अगर जाय तो खुद ही मोती बन जाती है,<br>
सब संगति का फर्क है ।

પાણીનું બુંદ તો એનું એ જ હોય છે. પરંતુ તેને જે વસ્તુનો સંગ થાય એવું તેનું મૂલ્ય તથા શોભા થાય છે. અધ્યાત્મ માર્ગ તો દુનિયાદારી કરતાં અનંતગણો અધિક છે. અને તે ખાંડાની ધાર ઉપર ચાલવા જેવું છે. અધ્યાત્મ માર્ગમાં જો ઊતરતો સંગ થઈ જાય તો અનંત જન્મ, ભવોભવ ઊભા કરે.

એક તાવડી પણ ટકોરા મારીને લઈએ છીએ તો સંગ કેટલો ચકાસીને કરવો પડે. જરા ઊંડો વિચાર કર. કોઈ વ્યક્તિનાં માત્ર ભણતર, બુદ્ધિ, હોશિયારી, રૂપ કે વાચાળતાને દેખી તેને પ્રાધાન્ય આપી તેના જીવનને અનુસરવા જઈએ તો લગભગ તને થયા તેવા જ અનુભવ બધાને થાય. પૂર્ણ પુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાન અને એમના સત્પુરુષો સિવાય આ બ્રહ્માંડમાં કોઈ સર્વાંગસંપૂર્ણ સ્વરૂપ ન હોઈ શકે. પરંતુ હા, એમનો જેને જેને સંબંધ છે એવા સંતો-હરિભક્તોમાં એમની જ કૃપાએ કરીને એમના દિવ્ય ગુણોની પ્રસાદી થોડી થોડી વહેંચાયેલી હોય છે. અહીં જ આપણા સંગ પરખની પરીક્ષા છે કે આપણે કેટલો યોગ્ય સંગ પસંદ કરીએ છીએ ?

સૌ સંતો-હરિભક્તો મહારાજના સંબંધવાળા દિવ્ય અનાદિમુક્તો જ છે એવો દિવ્યભાવ દૃઢ કરવો તેમ છતાં જેનામાં જે ગુણની

ઉત્કૃષ્ટતા (વિશેષતા) જણાતી હોય તે ગુણને કેળવવા પૂરતો તેનો સંગ કરવો. બીજો ગુણ બીજામાં સારો જણાય તો તે પૂરતો તેનો સંગ કરવો.

**સંગ કર્યો કોને કહેવાય ? તે સમજવું બહુ જરૂરી છે. મોટેભાગે આપણે સંગ કરવો એટલે જે તે વ્યક્તિની જોડે રહેવું, જોડે હરવું, ફરવું, બેસવું એવું સમજતા હોઈએ છીએ. જે સમજ તદ્દન ખોટી છે. સંગ કરવા માટે જે તે વ્યક્તિની જોડે રહેવાની બિલકુલ જરૂર નથી. કોઈ પણ વ્યક્તિમાંથી સારી બાબતની પ્રેરણા લઈ તેને સ્વજીવનમાં દૃઢ કરવા મંડ્યા રહેવું એ સંગ કરવાની શ્રેષ્ઠ રીત છે.**

જીવનપ્રાણ બાપાશ્રીએ પણ ૧લા ભાગની ૩૮મી વાતમાં કહ્યું છે, "સો જણાનો એકેકો અવગુણ લે તો સો અવગુણ આવે અને એકેકો ગુણ લે તો સો ગુણ આવે માટે સર્વે સંત-હરિજનોના ગુણ લેવા. દેહ સ્વભાવ જોઈને અવગુણ લેવા નહીં." આમ, ગુણ શીખવા પૂરતો તેમનો સંગ કરવો. સંપૂર્ણ સંગ તો સર્વદા સત્પુરુષનો જ કરવો. એમની સાથે જ પ્રીતિ-આત્મબુદ્ધિ કરવી. એમનું જીવન સંપૂર્ણ અનુકરણીય હોય છે. **મોટાપુરુષને જ આપણા જીવનના રોલ મૉડલ રાખવા. અન્ય વ્યક્તિઓમાં પણ જે જે ગુણ છે તે મહારાજ અને મોટાપુરુષના રાજીપાની જ પ્રસાદી છે એમ સમજવું. જેથી મહારાજ અને મોટા સિવાય અન્ય વ્યક્તિનું મુખ્યપણું આપણા જીવનમાં થાય નહીં.**

અધ્યાત્મ માર્ગ એ ઉપર ચડવાનો માર્ગ છે. તેમાં ઉત્કૃષ્ટ સંગ એવો શોધવો કે જે આપણા કરતાં ઘણીબધી બાબતમાં ચડિયાતા હોય. રાજીપાના માર્ગે આગળ હોય. તેમના સંગમાં રહેવાથી તેમના ગુણો આપણામાં આવે. અને જો ઊતરતા મળે તો તેના જેવા થવાય. સંગ નાની બાબત લાગે પણ તેની કેવી અસર થાય તેનો એક પ્રસંગ તને જણાવું.

રાજા ચંદ્રસેન પાસે મહિલામુખ નામનો પ્રભાવશાળી હાથી હતો. તે બીજા હાથી કરતાં જુદો જ તરી આવતો. તે સ્વભાવે ખૂબ દયાળુ, સરળ અને ખૂબ સમજદાર હતો. હાથીને લઈને રાજાની નામના ચોમેર પ્રસરી હતી. હાથીને લઈ રાજાની જીત થતી અને શોભા વધતી.

અચાનક હાથીના સ્વભાવમાં ૩૬૦ ડિગ્રી બદલાવ આવી ગયો. મહિલામુખ હાથી સ્વભાવે ખૂબ ક્રૂર, ઘાતકી, ક્રોધી અને હિંસક બની ગયો. હાથીએ તેની ચાકરી કરનાર મહાવતને જ પગ નીચે ચગદી મારી નાખ્યો. રાજાએ બીજા મહાવતને રાખ્યો. એની પણ એ જ હાલત થઈ. રાજાએ ત્રીજા-ચોથા મહાવતને રાખ્યા; એ પણ મરણને શરણ થયા.


રાજા ચંદ્રસેન ખૂબ ચિંતાતુર થઈ ગયા. બુદ્ધિમાન વૈદરાજને હાથીનો ઇલાજ કરવા માટે બોલાવ્યા. વૈદરાજે હાથીનું દૂરથી નિરીક્ષણ કર્યું. હાથીના નિવાસની નજીક થોડા દિવસ રહ્યા. આ દરમ્યાન તેમણે જાણ્યું કે હાથીના આવાસની પાછળ એક ચોરની ટુકડીએ ડેરો નાખ્યો હતો. તેઓ રાત્રિ-દિવસ ચોરી, લૂંટફાટ, મારામારી કરવાના પેંતરા, કાવતરા ઘડતા. એની જ વાતો કરતા હતા. આ બધા હિંસક અને બદવૃત્તિના શબ્દો હાથીના કાન ઉપર પડતા હતા. ચોરના શબ્દથી થયેલા સંગે હાથીની વૃત્તિઓ બદલાઈ ગઈ. તેને દયાળુમાંથી હિંસક બનાવી દીધો હતો.

વૈદરાજે રાજા દ્વારા ચોરોની ટુકડીને પકડાવી સજા કરાવી ને સ્થાન ખાલી કરાવ્યું. તે જગ્યાએ ભક્તોની ભજનમંડળી મુકાવી અને ભગવત્ વાતોનો દોર આખો દિવસ ચલાવ્યો. સત્ત્વગુણી શબ્દો, ભગવાનસંબંધી શબ્દો હાથીના કાન ઉપર પડતાં તેનામાં ચમત્કારિક બદલાવ આવવા માંડ્યો. હાથી પહેલાં કરતાં પણ વધુ દયાળુ, સરળ અને ધૈર્યવાન બની ગયો.

પશુને પણ શબ્દની, સંગની આવી અસર થતી હોય તો બુદ્ધિમાન મનુષ્યને તો કેટલી થાય ? માટે મુદ્રિત, હંમેશાં ઉત્કૃષ્ટ સંગ કરજે. સૌથી ઉત્કૃષ્ટ સંગ મોટાપુરુષનો છે. પણ એમનું સાંનિધ્ય બહુ ઓછું મળવાનું છે. તો મોટાપુરુષની નિકટ સંતો છે. માટે આપના સેન્ટરના સંતોનો સંગ કરજે અને સંતોની સત્સંગ સભામાં આવતા આદર્શ યુવકોના સંગમાં રહેવાનું વધુ પસંદ કરજે તો આજના ઘોર કળિકાળથી બચી જઈશ અને સદ્ગુણોનો ભંડાર બની જઈશ. મારી આટલી શીખને જરૂરાજરૂર ઉર ધરજે.

જય સ્વામિનારાયણ.

ખરેખર ગુરુજી એટલે સહનશીલતાની મૂર્તિ.
ક્ષમાશીલતાનું સાક્ષાત્ સ્વરૂપ !
અહિત કરનારના પણ પરમહિતકારી
બની રહે છે.
મારે પણ મારા જીવનમાં સુધારો કરવો છે.
કોઈ ગમે તે કરે તોપણ મારે
સહનશીલતાનો ગુણ કેળવવો જ છે.



# વાહ ! ગુરુજી ક્યાં આપ અને ક્યાં હું ?

'Anger is not power but waste of power.' અર્થાત્ 'ગુસ્સો એ શક્તિ નથી પરંતુ શક્તિનો બગાડ છે.'

ગુસ્સાને આધ્યાત્મિક શાસ્ત્રોમાં ક્રોધ નામે ઓળખાવ્યો છે. ભગવાન સ્વામિનારાયણે ગઢડા પ્રથમના ૭૬મા વચનામૃતમાં કહ્યું છે કે, "ક્રોધી, ઈર્ષ્યાવાળો, કપટી ને માની એ ચાર પ્રકારના જે મનુષ્ય તે જો હરિભક્ત હોય તોય પણ તે સાથે અમારે બને નહીં." લોયાના ૧લા વચનામૃતમાં કહ્યું છે કે, "ક્રોધી જે માણસ તે મુને ગમે જ નહીં." વળી, ગઢડા મધ્યના ૨૭મા વચનામૃતમાં પોતાના સ્વાભાવિક ગુણની વાત કરતાં જણાવ્યું છે, "અમારે તો એકથી લાખ રૂપિયા સુધી બગાડ કરે, તોપણ પોતા સારુ તો ક્રોધ આવે નહીં."

સામાન્ય માનવી ક્રોધનો ઉત્તર ક્રોધથી જ આપે જ્યારે ભગવાન અને સત્પુરુષ એવું સૌમ્ય અને શાંત સ્વરૂપ છે જેઓ ક્રોધનો ઉત્તર પ્રેમ અને ક્ષમાથી આપે છે. કોઈ આપણું ધાર્યું ન કરે, આપણું અપમાન કરી નાખે, બે શબ્દો ટકોરના કહે તો આપણે આવેશમાં આવી જઈએ. જ્યારે ભગવાન અને સત્પુરુષ અપમાનમાંય ક્ષમાની ઉદાત્ત ભાવના કેળવી શકે છે. કટુવચન અને કટુવ્યવહાર દ્વારા અપમાન-તિરસ્કાર કરનારને પણ ક્ષમા આપી સ્નેહની સરિતામાં ભીંજવી શકે છે.

આવા ક્ષમાશીલતાના મૂર્તિમંત સ્વરૂપ છે વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી ! જેમણે અનેક વિરોધીઓનાં વિરોધ, અપમાન અને કટુવચન સમા કડવા ઘૂંટને અમૃત સમાન ગણી હસતે મુખે પાન કર્યું છે ! વિરોધીઓની સામે ક્રોધ કરવાને બદલે કેવળ ક્ષમા આપી તેઓનું હિત થાય એવા જ સંકલ્પોનું વાવેતર કર્યું છે. પરિણામે તેમની ક્ષમાશીલતાથી પ્રભાવિત થઈ કેટલાય વિરોધીઓના વિરોધ અને વેરીઓનાં વેર શમ્યાં છે.

ઈ.સ. ૧૯૮૭ પૂર્વેની (વાસણા મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા પૂર્વેની) વાત છે. વ્હાલા ગુરુદેવ અને ગુરુજી પંચમહાલ વિચરણમાં પધારી રહ્યા હતા. સાથે મૂ.નિ. પ.ભ. નાથાલાલ અને પ.ભ. શંકરભાઈ હતા. સવારના આઠેક વાગ્યાનો સમય હતો. પૂરપાટ ગાડી જઈ રહી હતી. ત્યાં અચાનક ગુરુદેવે ડ્રાઈવરને કહ્યું, "અલ્યા, ગાડી પાછી વાળ. બોર્ડ ગયું સ્વામિનારાયણ મંદિર. મંદિર પાસેથી ગાડી નીકળે ને ઠાકોરજીનાં દર્શને ન જઈએ એ ઠીક ન કહેવાય. ચાલો, આપણે ઠાકોરજીનાં દર્શન કરી આવીએ." ગુરુદેવ સહિત ગુરુજી અને સાથે રહેલા હરિભક્તો અન્ય સંસ્થાના સ્થાનમાં ઠાકોરજીનાં દર્શન માટે પધાર્યા.

"અલ્યા, વિમુખ આવ્યા. દ્વાર બંધ કરી દો. મંદિર અભડાવશે તો ધોવું પડશે." ગુરુદેવના કર્ણપટ પર આ શબ્દો પડ્યા. મંદિરનાં પગથિયાં ચઢે તે પહેલાં તો મંદિરના આગેવાનોએ દ્વાર બંધ કરી દીધાં. ગુરુદેવે કહ્યું, "ઠાકોરજીને

ક્ષમાવાન કોઈ તુજસા નહિ, મુજસા નહિ કોઈ અપરાધી.

બારણાનું આવરણ નથી હોતું માટે આપણે અહીં ધૂળમાં દંડવત કરી લઈએ.'' એમ કહી દંડવત કરી ગુરુદેવ પાછા ફર્યા. પરંતુ ગુરુના અપમાનથી સમસમી ગયેલા મૂ.નિ. પ.ભ. નાથાલાલે કહ્યું, ''બાપજી, આપણું જ્યાં માન-સન્માન ન જળવાતું હોય ત્યાં ન જવું જોઈએ.'' ગુરુદેવ મર્માળું હાસ્ય રેલાવતાં બોલ્યા, ''નાથાલાલ, આપણા ઈષ્ટદેવનાં દર્શન કરવાનાં હોય ત્યાં માન-સન્માન ન જોવાનું હોય. અપમાન સહન કરીને પણ આ ઈષ્ટદેવનાં દર્શન ક્યાંથી ?'' ગુરુદેવે ગુરુજી સામે જોઈ પૂછ્યું, ''સ્વામી, આ સંતો આપણા મંદિરે આવે તો તમે શું કરો ?'' ગુરુજીએ કહ્યું, ''બાપજી ! આપની શું મરજી છે ?'' ગુરુદેવે કહ્યું, ''સ્વામી, આ સંતો આપણે ત્યાં આવે તો તેમનું માન-સન્માન કરી, તેમને વ્હાલથી ભેટીને મારા પ્રત્યે તમને જેટલો દિવ્યભાવ છે એટલા દિવ્યભાવથી તેમની સેવા કરવી જોઈએ.''

બરાબર છ મહિના પછી આ પૂ. સંતો કોઈ કારણસર વાસણા વિસ્તારના હાલ મૂ.નિ. બિપીનભાઈ શાહના ઘરે આવ્યા. પરંતુ મૂ.નિ. બિપીનભાઈ ઘરે ન હોવાથી પૂ. સંતો વાસણા મંદિરનાં બાંધકામનાં નિદર્શન માટે પધાર્યા. મંદિરે ગુરુજીને જોઈ તેઓ થોડા છોભીલા પડી ગયા. પરંતુ ગુરુજીએ તો પૂ. સંતોને જોતાં જ પાંચ દંડવત કર્યા, ચરણસ્પર્શ કરી 'જય સ્વામિનારાયણ' કર્યા. ખૂબ માન-સન્માન આપી ઠાકોરજી જમાડવા આગ્રહ કર્યો. પૂ. સંતોએ ના કહી છતાં અતિ આગ્રહ કરી દૂધ-ફ્રૂટ લેવડાવ્યું. ત્યારબાદ મંદિરના ત્રીજા માળ પર કામ ચાલતું હતું તેની વિઝિટ કરાવી. અંતે મંદિરનું બાંધકામ સુયોગ્ય રીતે થાય તેવા આશીર્વાદ માગ્યા.

ગુરુજીનો આટલો વિવેકી-અજાતશત્રુતાભર્યો વ્યવહાર જોઈ તે પૂ. સંતોએ વિદાય લેતી વખતે કહ્યું, ''સ્વામી, આપને કોઈ પ્રસંગ યાદ આવે છે ? આપ અમારે ત્યાં આવેલા, અમે આપની સાથે કેવું તિરસ્કારભર્યું વર્તન કરેલું ? આપને કંઈ દુઃખ ન લાગ્યું ? અને આપે અમારું કેટલું બધું સન્માન કર્યું !'' કહેતાં પૂ. સંતોની આંખમાં આંસુ આવી ગયાં. અશ્રુ સાથે પૂ. સંતો બોલ્યા, ''આપના ગુરુ દેવસ્વામીનો અમારાથી ખૂબ અપરાધ થયો છે. આપ એમને લઈ ફરી અમારા મંદિરે જરૂરથી પધારજો. અમારે આવી જ રીતે એમનું સન્માન કરી અમારા પાપનું પ્રાયશ્ચિત્ત કરવું છે.''

કરેલા અપમાનનો બદલો વાળ્યા વિના આવેલા પૂ. સંતોને પ્રેમથી આવકારે એ જ આપણા વ્હાલા ગુરુદેવ ને ગુરુજી.

• • •

આજથી ૩૫ વર્ષ પૂર્વે વ્હાલા ગુરુજી અને સાથે જોડના સંત બંને કેસરડી ગામે સત્સંગ પ્રચારર્થે પધારેલા. સત્સંગી ગામ હતું. ગામમાં એક સ્વામિનારાયણનું મંદિર હતું. ગુરુજીએ ત્યાં ઉતારો કર્યો. રાત્રે બધા હરિભક્તોને કથાવાર્તા દ્વારા ખૂબ બળ આપ્યું. હરિભક્તો ખૂબ રાજી થયા પરંતુ મંદિરના પૂજારીને આ બધું આંખના કણાની માફક ખૂચતું હતું. બધાની હાજરીમાં તો કશું બોલી ન શક્યા પરંતુ રાત પડી. ગુરુજી અને સેવક સંત રાત્રે ૨ વાગે ચેષ્ટા કરી રહ્યા હતા ત્યારે પૂજારીએ રંગ દેખાડવાના શરૂ કર્યા.

ધોકો લઈને આવ્યા અને મોટેથી બૂમો પાડવા માંડ્યા, ''એય સાધુડાઓ, વિમુખ થઈ આ મંદિરમાં કેમ ઉતારો કર્યો ? આ તમારા બાપનું મંદિર છે ? ચાલો નીકળો અહીંથી !'' તેમની આગળ હાથ જોડી ગુરુજી પ્રાર્થના કરવા લાગ્યા કે, ''બાપા, સવાર થતાં જ નીકળી જઈશું પરંતુ અત્યારે અડધી રાત્રે ક્યાં જઈએ ?'' પૂજારીનો પાવર વધતો જતો હતો. ''જે કરવું પડે તે કરો. જ્યાં જવું હોય ત્યાં જાવ પણ અહીં તો નહિ જ રહેવા દઉં.'' જોડેવાળા સંત ગુરુજીનું અપમાન સહન ન કરી શક્યા. તેમણે ગુરુજીને કહ્યું, ''દયાળુ, મને બોલવાની છૂટી આપો. બંધ કરી દઉં એમને.'' ત્યારે ગુરુજીએ કહ્યું, ''સ્વામી, મહારાજે શિક્ષાપત્રીમાં કહ્યું છે કે, 'સાધુને કોઈ મારે, અપમાન કરે, નિંદા કરે તો સહન કરવું પરંતુ સામે તાડન ન કરવું.' આપણો સાધુનો ધર્મ છે માટે સહન જ કરવાનું હોય. મહારાજ એમનું સારું કરે એવું રૂડું જ ઇચ્છવાનું હોય.''

પૂજારીની બૂમો સાંભળી મંદિરથી ચોથા ઘરે રહેતા ચીમનભાઈ ઠક્કર દોડી આવ્યા. સંતોને રંજાડતા જોઈ તેઓ દ્રવી ઊઠ્યા અને પૂજારીને જરા આંખ દેખાડી કહ્યું, ''એય બાપા, આ મંદિર તમારું છે ? અમારા ગામલોકોનું છે. આ સંતો અહીં જ રહેશે. ખબડદાર જો સંતોને એક હરફ ઉચ્ચાર્યો છે તો ! એક દિવસ નહિ સાત દિવસ રોકાશે.'' તેમણે ગુરુજીનો પક્ષ લીધો અને સમયે રક્ષા કરી.

ગુરુજીને સવારે ખબર પડી કે ચીમનભાઈને પાંચ દીકરીઓ છે પણ એકેય દીકરો નથી. તેથી મહારાજને પ્રાર્થના કરી કે તેમને પુત્ર થાય. ગુરુજીના આશીર્વાદથી તેમને મહારાજે હરિકૃષ્ણ નામે દીકરો આપ્યો. બાકીના સાત દિવસ ગુરુજી ત્યાં જ રહ્યા પરંતુ પૂજારીને ખૂબ ભાવથી બોલાવતા. તે જોઈ ચીમનભાઈ ગુરુજીની ક્ષમાશીલતાને મનસા વંદી રહ્યા.

**ગુરુજીના જીવન પ્રસંગોને વાંચી મુમુક્ષુએ કરેલ અનુતાપ–પરિતાપ :**

અદ્‌ભુત... અદ્‌ભુત... અદ્‌ભુત... ગુરુદેવ અને ગુરુજી ખરેખર પરભાવી દિવ્ય સત્પુરુષ જ છે. એમના જીવનના

પળેપળના પ્રસંગો એની ગવાહી પૂરે છે. એ અન્ય સંસ્થાના મંદિરમાં કંઈ જમવા નહોતા ગયા, દર્શન કરવા ગયા હતા, છતાં હળાહળ અપમાન થયું. ચાલો એ તો ગળી જઈને નીકળવું સહેલું છે. પરંતુ જ્યારે એ જ અપમાનના કર્તલ પોતાની પાસે આવે ત્યારે તેમને તેમના કરેલા કૃત્યનો અણસાર પણ ન આવવા દેવો. આ કેટલી હૃદયની વિશાળતા !? એટલું જ નહિ તેમની સાથે પ્રેમભર્યો સહિષ્ણુ વ્યવહાર કરવો ખરેખર બુદ્ધિમાં પણ બેસતું નથી. જ્યારે મને તો જો કોઈએ 'ખસ' કીધું હોય કે ક્યાંય સેવામાં કે કોઈના ઘરે ગયો હોય ને અણગમાનો ભાવ લાગે કે અણસાર આવી જાય કે એમને ગમ્યું નથી તો મારા લિસ્ટમાંથી તેમનું નામ જ ઉડાડી દઉં. ફરી એનું મોઢું તો ન જોઉં પણ અંતરમાં તેમના પ્રત્યે પૂર્વાગ્રહની મોટી દીવાલ ચણાઈ જાય. જ્યારે આ તો હળાહળ ઝેર જેવું હળાહળ અપમાન અને એની સામે તેમના પ્રત્યે કેવળ નીતરતો સ્નેહ, સહિષ્ણુતા ! ગુરુજી દયા કરી આપના આ ક્ષમારૂપી ગુણની અલ્પ પ્રસાદી આપશો તોય હું તો ન્યાલ થઈ જઈશ.

બીજા પ્રસંગમાં ગુરુજી સત્સંગ પ્રચાર માટે જ કેસરડી ગયા હતા. પોતાના દેહ સામું પણ ન જોતાં મોડે સુધી કથાવાર્તા કરી લાભ આપ્યો હતો. છતાંય પૂજારીએ ઘોર અપમાન કર્યું. અડધી રાત્રે હડધૂત કરી મંદિરની બહાર કાઢી મૂક્યા. છતાંય ગુરુજીએ બધું મૂંગે મોંએ જ નહિ હસતા મુખે સહી લીધું. એક હરફ પોતે તો ન ઉચ્ચાર્યો પણ જોડેવાળા સંતને પણ ઉચ્ચારવા ન દીધો. જ્યારે હું તો મંદિરમાં આવ્યો હોય અને કોઈ સેવા કર્યા પછી જો કોઈ એક શબ્દ પણ કહે તો તરત ઊકળી પડું છું, ખોટું લગાડી દઉં છું. સામેવાળાને અપમાનિત કરી દઉં છું. ખરેખર ગુરુજી એટલે સહનશીલતાની મૂર્તિ. ક્ષમાશીલતાનું સાક્ષાત્ સ્વરૂપ ! અહિત કરનારના પણ પરમહિતકારી બની રહે છે. મારે પણ મારા જીવનમાં સુધારો કરવો છે. કોઈ ગમે તે કરે તોપણ મારે સહનશીલતાનો, ક્ષમાશીલતાનો ગુણ કેળવવો જ છે.

ચાલો, આપણે સૌ પણ દૃઢ સંકલ્પ કરીએ : ગુરુજીના જેવી ક્ષમાશીલતા અને સહનશીલતા કેળવી સૌની ભૂલો ભૂલી સૌ પ્રત્યે પ્રેમભર્યો વર્તાવ કરીએ.

## ઑનલાઇન ઘનશ્યામ ગ્રાહક રાજીપા ઝુંબેશ - ૨૦૨૩

ગુરુપૂર્ણિમા નિમિત્તે ગુરુદેવ પ.પૂ. બાપજી તેમજ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના એકમાત્ર રાજીપા સારુ સંસ્થાના તમામ ઝોનમાં ઘનશ્યામ કાર્યાલય દ્વારા મે-જૂન, ૨૦૨૩ દરમ્યાન ઑનલાઇન ઘનશ્યામ ગ્રાહક રાજીપા ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. ભક્તિનિવાસના પૂ. ત્યાગી મહિલામુક્તો તથા મહિલા કાર્યકરોએ આ આયોજનને સફળ કરવા માટે અથાગ પ્રયત્નો કર્યા અને શ્રીજીમહારાજ ભેગા ભળ્યા ને ૨૪૦૧૬ જેટલા ઑનલાઇન ઘનશ્યામ મૅગેઝિનના નવા ગ્રાહકો મળ્યા. આ ઝુંબેશમાં સેન્ટરવાઇઝ તથા ઝોનવાઇઝ વિજેતા થનાર મુક્તોને ગુરુપૂર્ણિમાના દિવસે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી પાસે મેડલ તથા ઈનામો પ્રસાદીનાં કરાવ્યાં બાદ મહિલા સભામંડપમાં વરિષ્ઠ પૂ. ત્યાગી મહિલામુક્તોના હસ્તે એનાયત કરવામાં આવ્યાં હતાં.

### સ્વાનુભવ તેમજ ક્રિએટિવ આર્ટ સ્પર્ધાના વિજેતા ઝોનવાઇઝ

| | | | |
|---|---|---|---|
| નીર્મીબેન ધ્રુવકુમાર પટેલ | - ગોધર | મેઘનાબેન વિજયભાઈ ઠાકોર | - ગોધરા |
| વર્ષાબેન જયેશભાઈ પટેલ | - ગોધર | શિલ્પાબેન મનિષભાઈ પટેલ | - બરોડા |
| દીપ્તિબેન ઘનશ્યામભાઈ પટેલ | - ઘનશ્યામનગર | | |

### ઑનલાઇન ઘનશ્યામ ગ્રાહક સ્પર્ધાના વિજેતા સેન્ટરવાઇઝ

| | | | |
|---|---|---|---|
| વર્ષાબેન જયેશભાઈ પટેલ | - ગોધર | કૃપાબેન શૈલેષભાઈ ભાવસાર | - ઈસનપુર |
| નીર્મીબેન ધ્રુવકુમાર પટેલ | - ગોધર | કાનનબેન રવિભાઈ શાહ | - વાસણા |
| દીપ્તિબેન ઘનશ્યામભાઈ પટેલ | - ઘનશ્યામનગર | નીલમબેન સુનિલભાઈ પટેલ | - ઘનશ્યામનગર |
| કૃપાબેન ચુનીભાઈ રાઠોડ | - ઘનશ્યામનગર | નીલમબેન સંજયભાઈ ઠુમ્મર | - સુરત |
| પ્રિયંકાબેન સાગરભાઈ પટેલ | - સ્વામિનારાયણ ધામ | રીમાબેન કનુભાઈ પટેલ | - ગોધર |
| ખ્યાતિબેન હરિકૃષ્ણભાઈ પટેલ | - ઘનશ્યામનગર | લીનાબેન રાજેશભાઈ પટેલ | - ઘનશ્યામનગર |
| ભાવનાબેન પ્રકાશભાઈ પટેલ | - સ્વામિનારાયણ ધામ | | |



# ગુરુપૂર્ણિમા ઉત્સવ – ૨૦૨૩

'ગુ' નામ માયારૂપી અંધકારમાંથી 'રુ' નામ સહજાનંદ સૂર્યરૂપી પ્રકાશ પાથરી આપે તે જ સાચા ગુરુ. અધ્યાત્મ પંથે એક ડગ પણ ગુરુવિહોણું માંડવું એ મુમુક્ષુ માટે અતિ અસંભવ છે. જે અતિ કૃપાવંત હોય તેને જ સાચા ગુરુની પ્રાપ્તિ થાય છે.

એસ.એમ.વી.એસ. પરિવાર અતિ કૃપાવંત છે કે જેને ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી જેવા અધ્યાત્મ સમ્રાટ સત્પુરુષની ગુરુ રૂપે ભેટ મળી છે. આવા દિવ્ય ગુરુજીના પ્રાપ્તિના કેફમાં ઝૂમવા, કાલાવાલા કરી રીઝવવા તથા ગુરુજીના સિદ્ધાંતો–સંકલ્પોને પોતાના કરવાનો દૃઢ અવસર એટલે જ ગુરુપૂર્ણિમા.

ગુરુપૂર્ણિમા અવસરે સંસ્થાના તમામ સભ્યોને ગુરુજીના પૂજન–અર્ચનનો તથા આશીર્વાદનો પ્રત્યક્ષ લાભ મળી રહે તેવા હેતુથી તા.૧૧–૬–૨૦૨૩થી તા.૧૧–૭–૨૦૨૩ દરમ્યાન ઝોનવાઇઝ ગુરુપૂર્ણિમાનો અવસર ઊજવાઈ ગયો.



દેહભાવથી દેહાતીત અવસ્થા તરફ લઈ જાય તે ગુરુ.






**અનાદિમુક્ત પીઠિકા દર્શનમ્ :**

ગુરુપૂર્ણિમાની નવલી પ્રભાતે દરેક શિષ્ય ઊઠતાંની સાથે ગુરુજીને પ્રાર્થના દ્વારા ગુરુવંદના અર્પતા હતા. જ્યારે ગુરુજીએ શિષ્ય સમાજની પ્રાર્થના-પૂજા સ્વીકારવા કરતાં સૌપ્રથમ અનાદિમુક્ત પીઠિકાએ સંતો-પાર્ષદો સહિત પધારી ગુરુદેવ પ.પૂ. બાપજીને પ્રાર્થના-પૂજન કરી ગુરુવંદના અર્પી હતી.

ત્યારબાદ ઉપસ્થિત સર્વે સંતો-ભક્તોને ગુરુપૂજનની ખરી રીત શીખવતાં કહ્યું, "ગુરુપૂર્ણિમા એટલે ગુરુના ઋણમાંથી મુક્ત થવાનો અનેરો અવસર. ગુરુને રાજી કરવામાં આપણી જ્યાં કસર રહી જતી હોય, ઊણા ઊતરતા હોઈએ તેને ટાળવા કટિબદ્ધ થવાનો દિવસ."

આમ, અનાદિમુક્ત પીઠિકાએ ગુરુદેવને પ્રાર્થના-પૂજન દ્વારા રીઝવી ગુરુજી સંત આશ્રમના પ્રાર્થના મંદિરમાં પધાર્યા.

**પૂ. સંતો-પાર્ષદો દ્વારા ગુરુપૂજન :**

સંસ્થાના આધારસ્તંભ સમા પૂ. સંતો, પૂ. પાર્ષદો તથા STK, SSPના મુક્તોને ગુરુપૂર્ણિમાના દિવ્ય દિને સૌપ્રથમ ગુરુજીના પૂજન-અર્ચનનો લાભ મળ્યો હતો. સ્વામિનારાયણ ધામ પર રહેલ સર્વે પૂ. સંતોએ ગુરુજીના દિવ્ય ચરણોમાં પુષ્પછડી અર્પણ કરી, પ્રાર્થના દ્વારા ગુરુવંદના અર્પણ કરી. ગુરુજીએ સૌને ભેટણ લીલાનો લાભ આપ્યો હતો. સેન્ટરના અન્ય પૂ. સંતોએ પોતાના ઝોનમાં ગુરુપૂર્ણિમાના દિવ્ય અવસરે ગુરુજીના પૂજન-અર્ચનનો લાભ લીધો હતો.


**ગુરુપૂર્ણિમા ઉત્સવ મુખ્ય દિન (વાસણા) :**

તા. ૩-૭-૨૦૨૩ ને સોમવારના રોજ સંસ્થાના આદ્યસ્થાન વાસણા મંદિરે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની દિવ્ય સંનિધિમાં ગુરુપૂર્ણિમાનો મુખ્ય ઉત્સવ ખૂબ દિવ્યતાસભર ઊજવાઈ ગયો.

સવારે ૮ વાગ્યાના સુમારે વાસણા ખાતે સૌ સંતો-ભક્તોએ તાળીઓના ગગનભેદી નાદથી હરિકૃષ્ણ મહારાજ સાથે ગુરુજીને વધાવી લીધા હતા. પૂ. સંતોએ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીનું પુષ્પહારથી પૂજન કરી હાર ધારણ કરાવ્યો. હાર પહેરી રાખવા પ્રાર્થના કરી પરંતુ 'રીત જગત સે ન્યારી' એ ન્યાયે ગુરુજીએ કંઠમાંથી હાર કાઢી હરિભક્તને પહેરાવી દીધો. ત્યારબાદ દાસત્વની શોભા સમાન ગુરુજી દર્શનમ્ વિભાગમાં અનંત મુમુક્ષુને દર્શન આપવા બિરાજ્યા હતા. તે સમયે જાણે પોતે સૌ હરિભક્તોનાં દર્શન કરવા બિરાજ્યા હોય તેવી સૌને અનુભૂતિ થતી હતી.

ગુરુપૂર્ણિમા ઉપક્રમે સંતો-હરિભક્તો દ્વારા 'ક્યાંથી રે જડે...' આ થીમ આધારીત ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ સંતો-હરિભક્તોનું અવરભાવ અને પરભાવનું કેવું જતન કર્યું છે ! દરેકની સ્વાસ્થ્ય સુખાકારી માટે, પરિવારજનોની રક્ષા કાજે તથા ચૈતન્યની રક્ષા કાજે કેવા દાખડા કર્યા છે ! આદિ બાબતોની રજૂઆત પ્રવચનો દ્વારા થઈ હતી. તે સાંભળતાં સૌ સમાજ ગુરુજીના અહોભાવાકારે થઈ જતાં દરેકના અંતર ઝૂમી ઊઠતા કે













'ક્યાંથી રે જડે આ સંગ ગુરુજી તણો...'

સવારે ૧૦ વાગ્યે સમય થતાં વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સાથે ગુરુજી દર્શન વિભાગમાં દર્શન આપી મૂર્તિધામ સભા હૉલમાં પધાર્યા. ત્યારે આગમન પથ પર નાઇટ્રોજન ફોગ મૂકેલા હતા. આ જોઈ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ સેવક સંતને કહ્યું, "આજના પ્રસંગે દેશ દેશના હરિભક્તો આવ્યા છે. અને તેમાં આ ધુમાડા જેવું થાય છે તો અમને તેઓનાં દર્શન પણ બરાબર થતાં નથી માટે આ બંધ કરાવો."

હજારો હરિભક્તો ગુરુજીનાં દર્શનને તલસતા હતા. જ્યારે દાસત્વભાવની અજોડમૂર્તિએ હરિભક્તોનાં દર્શન થાય તે માટે નાઇટ્રોજન ફોગને બંધ કરવાની સૂચના આપી.

ત્યારબાદ સભામાં પધારી ગુરુજીએ દિવ્યવાણીનો લાભ આપ્યો હતો કે, "મુક્તપુરુષ કોને કહેવાય? તો જે શ્રીજી કથિત પંચવર્તમાન પાળે અને પળાવે, વિષયમાંથી પ્રીતિ તોડાવે, પ્રભુમાં પ્રીતિ કરાવે. એવા દિવ્ય સત્પુરુષ આપણને મળી ગયા છે. શ્રીજીમહારાજે સમગ્ર એસ.એમ.વી.એસ. સમાજને બહુ કરુણામાં ડુબાડી દીધો છે." અંતમાં ગુરુદેવ પ.પૂ. બાપજીના અદના શિષ્ય બની ગુરુજી સમગ્ર સમાજ વતી ગુરુદેવના ચરણોમાં ક્ષમાયાચના અને પ્રાર્થના કરી ગુરુવંદના અર્પણ કરતા ગદ્‌ગદિત થઈ ગયા હતા, નેત્રો સજળ થઈ ગયાં હતાં. ગુરુજીના ગુરુમહિમાનાં દર્શન કરતા સંતો-હરિભક્તોની આંખો પણ અશ્રુભીની થઈ ગઈ હતી.

ત્યારબાદ ગુરુજીએ સૌ સંતો-હરિભક્તો પાસેથી મહારાજ અને ગુરુદેવનું શોભે એવું જીવન કરવું એવી ગુરુદક્ષિણા માગી સૌને વર્તનના આગ્રહી કર્યા હતા. ગુરુદેવનાં આશીર્વચનો બાદ વ્હાલા ગુરુજીએ શ્રીહરિ તથા ગુરુદેવ પ. પૂ. બાપજીના પૂજન-અર્ચનનો લાભ લીધો હતો. ત્યારબાદ સંસ્થાના વડીલ પૂ. સંતોએ ગુરુદેવ તથા ગુરુજીનું વિશિષ્ટ હારથી પૂજન કરી ગુરુવંદના અર્પી હતી.

દર્શન-પૂજનનો કાર્યક્રમ પૂર્ણ થતાં જ બપોરના ૨:૩૦ વાગ્યે વ્હાલા ગુરુજીએ સંત આશ્રમમાં પધારી ઠાકોરજી જમાડ્યા. થોડો આરામ મળ્યો ન મળ્યો ને સાંજે ૪ વાગ્યે આટલા વ્યસ્ત શિડ્યૂલમાં પણ શ્રીજીમહારાજની મૂર્તિ આગળ બિરાજી ધ્યાન-પ્રાર્થના આદિક નિત્યક્રમના આહ્‌નિક પૂર્ણ કરી, સવારે બાકી રહી ગયેલા હરિભક્તોને ફરીથી સાંજે ૫થી ૬ વાગ્યા દરમ્યાન દર્શન વિભાગમાં દર્શન આપવા બિરાજ્યા હતા.

ત્યારબાદ વ્હાલા ગુરુજીએ વિદેશમાં વસતા ૨૭૫થી પણ વધુ કાર્યકર મુક્તોને વિડિયો કૉલ દ્વારા દર્શન આપી આજના પ્રસંગે ભેળા રાખ્યાના આશીર્વાદ પાઠવ્યા હતા.

દરેક હરિભક્તોનાં દર્શનની અભીપ્સા પૂર્ણ કરી છાત્રાલય તથા ગુરુકુલના વિદ્યાર્થી મુક્તોને આગવા દર્શન-આશીર્વાદનો લાભ આપવા સાંજે ૭:૩૦ વાગ્યે સ્વામિનારાયણ ધામ પધાર્યા. અને સૌ બાળમુક્તોના પ્રાર્થના-પૂજન તથા કાલાવાલા સ્વીકારી રાજીપો દર્શાવ્યો હતો.

સવારે ૫ વાગ્યે ગુરુજીના મુખ પર જેવી દિવ્ય ઊર્જાનાં દર્શન થતાં હતાં તેવી જ તાજગીનાં દર્શન રાત્રે ૧૦ વાગ્યે પણ થઈ રહ્યાં હતાં. ખરેખર આ કોઈ સામાન્ય મનુષ્યનું કામ નથી.

આ દૈનિકક્રમની વ્યસ્તતા તા.૧૧-૬-૨૦૨૩થી લઈ તા. ૧૧-૭-૨૦૨૩ સુધી યથાવત્ જળવાયેલી હતી. જેમને માન-મોટપ કે યશ-કીર્તિની કોઈ સ્પૃહા જ નથી પણ દૃષ્ટિએ ચડે તેને વીંધીને શ્રીહરિની દિવ્ય મૂર્તિમાં જોડી દેવાનો જ એકમાત્ર આલોચ ગુરુજીના દિવ્ય વિચરણમાંથી સહેજે ફલિત થાય છે.

**ગોધર ગુરુપૂર્ણિમા ઉત્સવ :**

તા. ૨-૭-૨૦૨૩ની નૂતન પ્રભાતે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સાથે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી મોડાસા ખાતે પધરામણી કરી ૧૦ વાગ્યાના સુમારે આંબલિયાત ચોકડી પધાર્યા હતા. વ્હાલા હરિકૃષ્ણ મહારાજ અને ગુરુજીનું ગોધર ગુરુકુલના બાળમુક્તોની ટીમ અને ગપૂલી નૃત્ય દ્વારા હરખભેર સ્વાગત થયું.

૧૧:૩૦ વાગ્યે 'ગુરુ મળ્યા છે ગુણવાળા...' આ કીર્તન વિવરણ દ્વારા વ્હાલા ગુરુજીએ અદ્‌ભુત ગુરુમહાત્મ્યનું વર્ણન કર્યું હતું. ગુરુપૂર્ણિમા પ્રસંગે શિક્ષણમંત્રી શ્રી કુબેરસિંહ ડીંડોર ગુરુજીનાં પૂજન માટે ખાસ પધાર્યા હતા. તેમનો દાસત્વભાવ જોઈ ગુરુજીએ તેઓ પર વિશેષ રાજીપો જણાવ્યો હતો.

સભા બાદ વિધિવત્ પૂજન વિધિ ચાલુ હતી. આ પૂજન દરમ્યાન ગુરુજીએ એક હરિભક્તને નિકટ બોલાવી ગોધર વિસ્તારના અન્ય હરિભક્ત જે ખૂબ મુશ્કેલીમાં હતા તેમની પૂછપરછ કરી હતી. હજારો હરિભક્તોની જનમેદની ગુરુજીનાં પૂજન-અર્ચન માટે તલસતી હતી એવા સમયે પણ ગુરુજી પોતાના નાના શિષ્ય માટે ચિંતિત હતા. તેમના માટે પ્રાર્થના કરવા અધીરા હતા. ગુરુજીની આવી ભક્તવત્સલતા અને માતૃવાત્સલ્યનાં દર્શન થતાં મંચ ઉપર રહેલ સૌના હૃદય દ્રવિત થઈ ગયાં હતાં.

સાંજે ૪ વાગ્યે નિઃશુલ્ક ચાલતા ગોધર બૉય્ઝ ગુરુકુલના બાળમુક્તોને આગવો ગુરુપૂજનનો લાભ આપવા પધાર્યા હતા.









उत्सव
















**સર્વત્ર થયેલ ગુરુપૂર્ણિમા ઉત્સવની આછેરી ઝલક :**

તા. ૩-૭-૨૦૨૩ના રોજ 'મુખ્ય ગુરુપૂર્ણિમા ઉત્સવ' તો સંસ્થાનાં મુખ્ય મંદિર વાસણા ખાતે ખૂબ ભવ્યતાથી ઉજવાયો જ હતો. તેમ છતાં વધુ ને વધુ મુમુક્ષુઓ ગુરુપૂર્ણિમાનો લાભ લઈ શકે તેવા ઉમદા હેતુથી તા.૧૧-૬-૨૦૨૩થી તા. ૧૧-૭-૨૦૨૩ દરમ્યાન ઝોનવાઈઝ તેમજ કેટલાક સેન્ટરમાં ગુરુપૂર્ણિમા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યુ હતું. સંસ્થાના વડીલ પૂ. સંતોએ ગુરુપૂર્ણિમા પૂર્વે ગુરુજીને અધિક શારીરિક શ્રમ ન પડે તે હેતુથી ઝોનવાઈઝ ગુરુપૂર્ણિમા ન ઉજવતાં સૌ વાસણા આવે એવું કરીએ. ગુરુનાં દર્શન કરવા સૌ દોડતા આવશે આવી પ્રાર્થના ગુરુજીને કરી હતી. ત્યારે ગુરુજીએ કહ્યું, "સંતો, સૌ હરિભક્તોને અહીં આવવાનું કહીએ તેમાં તેમને કેટલી તકલીફ પડે ! આપણો ધર્મ તકલીફ આપવાનો નહિ તકલીફ લેવાનો છે. વળી, અમારે દર્શન આપવા નહિ સૌનાં દર્શન કરવા જવું છે. માટે અમે દરેક ઝોનમાં પધારીશું." પૂ. સંતો પાસે ગુરુજીની આ દાસત્વભક્તિને નવાજવા માટે કોઈ શબ્દો નહોતા !!

ઝોનલ ગુરુપૂર્ણિમાનો પ્રારંભ તા. ૧૧-૬-૨૦૨૩ના રોજ ભાવનગરથી થયો. ત્યારબાદ તા. ૧-૭-૨૦૨૩ના રોજ મોડાસા જતાં રસ્તામાં વરસાદે પણ ગુરુજીનાં દર્શન કરી આનંદની અભિવ્યક્તિ રજૂ કરી હતી. તેનપુર ચોકડી પાસે ગુરુજીએ ગાડી ઊભી રખાવી સાથે રહેલ હરિભક્તને કહ્યું, "મહારાજ, અહીંયાંથી બે રસ્તા (ફાંટા) પડે છે. કોઈને પૂછો અને ક્યાંથી જવું સરળ પડશે ? તે જાણો." ડ્રાઈવર મુક્તે ગાડીની નજીકમાં બાઈક લઈને ઊભેલા ભાઈને બોલાવી રસ્તા અંગે પૂછ્યું.

તેમણે ગુરુજી સામે દૃષ્ટિ કરી કહ્યું, "સ્વામીજી, રસ્તા તો બંને સારા છે પણ આ બાયડ થઈને ધનસુરાથી મોડાસા જવાનો











રસ્તો ઘણો સારો છે. બંને રસ્તે જશો તો અંતર સરખું જ છે. પરંતુ આ રસ્તો આપને વધુ અનુકૂળ આવશે માટે આ રસ્તે જાવ.'' ડ્રાઈવર મુક્તએ એ માર્ગે ગાડી વાળી ત્યારે સાથે રહેલ પૂ. સંતોએ વિચાર વિમર્શ કર્યો જે, 'ગુરુજી અક્ષરધામનો રસ્તો જાણતા હોય તે મોડાસાનો રસ્તો ન જાણે ? વળી, મોડાસા તો અવારનવાર વિચરણમાં આવવાનું થાય છે.' ત્યાં અંતર્યામી પુરુષ વ્હાલા ગુરુજીએ કહ્યું, ''સ્વામી, એ ભાઈએ આપણને મોડાસાનો રસ્તો બતાવ્યો. આપણે એમને મૂર્તિધામનો રસ્તો બતાવીશું. એટલું જ નહિ એમને મૂર્તિધામમાં રાખી લેશું.'' વાહ ગુરુજી ! કેવી આપની કરુણાભરી પરમાર્થતા ! અલ્પ સેવાના બદલામાં મૂર્તિસુખના કોલ દેનારા દિવ્ય સત્પુરુષ સાજા બ્રહ્માંડમાં શોધ્યા ન જડે !

તા. ૨,૩,૪,૫,૬ જુલાઈ, ૨૦૨૩ સુધી રોજ ક્રમશઃ ગોધર, વાસણા, મોરબી, રાજકોટ, મહેસાણા તથા ૮ જુલાઈ, ૨૦૨૩ના રોજ હિંમતનગર ખાતે ઝોનલ ગુરુપૂર્ણિમાનો લાભ આપી ગુરુજી રાત્રે સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર પધાર્યા. સળંગ છ-સાત દિવસના વ્યસ્ત કાર્યક્રમના લીધે અવરભાવમાં ગુરુજીની મુખમુદ્રા પર થાક તથા ઉજાગરો જણાતો હતો. પૂ. સેવક સંતે સીડી ચડતા ગુરુજીને હાથનો ટેકો આપ્યો. આસને પધાર્યા બાદ પૂ. સંતે પ્રાર્થના રૂપે વિનંતી કરતાં કહ્યું કે, ''ગુરુજી, આપને સળંગ છ-સાત દિવસનો થાક છે માટે આપ સવારે થોડા મોડા જાગશો તો આપને વધુ આરામ થાય. વળી, આવતી કાલે બરોડા તથા સુરત પધારવાનું છે માટે આજે થોડો વધુ સમય આરામ કરશો એવી પ્રાર્થના છે.''

ગુરુજીએ ઉત્તર કર્યો, ''ભલે, આપ પોઢી જાવ.'' પૂ. સેવક સંતના ગયા બાદ ગુરુજી પોઢ્યા. બીજા દિવસે સવારે ૫ વાગે જાગી ગયા. દૈનિક નિયમો પૂરા કરી, ઠાકોરજીની પૂજા કરી બરોડા જવા માટે તૈયાર થઈ ગયા. પૂ. સંતો ગુરુજીના આગ્રહ







અને દાખડાને મનોમન વંદી રહ્યા કે, ‘ગુરુજીને હરિભક્તોને સુખિયા કરવામાં પોતાના અવરભાવના દેહના સુખની કોઈ પરવાહ જ નથી.’

બરોડા ખાતે પણ સભા બાદ હરિભક્તોનાં દર્શનની લાંબી કતાર લાગી હતી. દર્શને આવનાર સૌ કોઈને વ્હાલા ગુરુજી અચૂક પ્રસાદ લઈને જ જવાનો આગ્રહ દર્શાવતા. પરંતુ ચાતુર્માસનાં એકટાણાં હોવાથી ગુરુજીએ તો બપોરે માત્ર ફ્રૂટ જ ધરાવ્યું. કારણ કે ગુરુજી ચાતુર્માસ દરમ્યાન બપોરે ફ્રૂટ અને સાંજે અનાજ ગ્રહણ કરતા હોય છે. બપોરના ૩ વાગ્યે ગુરુજી સુરત જવા માટે પધાર્યા. ટ્રાફિકના લીધે સુરત ૫:૪૫ વાગ્યે પહોંચવાના બદલે ૬:૧૦ વાગ્યે પહોંચ્યા. ૨૫ મિનિટ મોડું થઈ ગયું. મોડું થઈ ગયું હોવા છતાં ગુરુજીએ સૌપ્રથમ મુખ્ય મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરવાની ઇચ્છા જણાવી. જે ગુરુજીનાં દર્શન માટે હજારો હરિભક્તોની મેદની ઊમટી હતી. હજારો અનુયાયીઓની આંખો જે ગુરુજીનાં દર્શન માટે તલસતી હતી એવા ગુરુજીએ સૌપ્રથમ મહારાજનાં દર્શનની આતુરતા જણાવી. ગર્ભગૃહમાં પધાર્યા. દર્શન કરી કાર્યકરને પૂછ્યું, “સભા હૉલ પર કેટલા હરિભક્તો આવ્યા છે ? વિડિયો કૉલથી દર્શન કરાવો.”

ગુરુજીએ હૉલ હરિભક્તોથી હકડેઠઠ ભરાયેલો જોતાં પોતે સાંજનું જમાડવાનું છોડી માત્ર જળ ધરાવી સભામાં હૉલ પર જવા તૈયાર થઈ ગયા. પૂ. સંતોએ પ્રાર્થના કરી કે, “દયાળુ, આપે સવારનું કાંઈ જમાડ્યું નથી. રાત્રે મોડું થશે માટે જમાડીને પધારો.” ગુરુજીએ કહ્યું, “આપણે જમાડવા રોકાઈએ તો હરિભક્તોને રાહ જોવી પડે. એમની ચિંતા પહેલાં. આપણે આપણા દેહ સામું નહિ જોવાનું. હરિભક્તોના મનોરથ, પ્રેમ સામે જોવાનું હોય. આપણે મોડા જઈએ તો પાછળ એમને પણ મોડું થાય.” એમ કહી સભા સ્થળે જવા ઉતાવળા બન્યા. સભા હૉલથી આગળ ગુરુજીના આગમનને વધાવવા હરિભક્તો કતારબંધ ઊભા હતા. ગુરુજી તેમના ભાવને સ્વીકારી સભા હૉલમાં પધાર્યા. સ્ટેજ ઉપર પધારી ગુરુપદે હોવા છતાં સૌને હસ્ત જોડી નમીને જય સ્વામિનારાયણ કહ્યા. સભામાં ગુરુદેવના અપાર મહાત્મ્યનું ગાન કરી ઉત્તમ શિષ્યત્વનાં દર્શન કરાવી, સૌને સભા બાદ દર્શનનું સુખ આપી છેક રાત્રે દસ વાગે મંદિરે પધાર્યા ત્યારે ગુરુજી ભોજન આરોગવા બિરાજ્યા. ગુરુપૂર્ણિમાના અવસરે સૌ ભક્ત સમુદાયના તેઓ આકર્ષણનું કેન્દ્ર હતા. સૌ તેમને મેવા-મીઠાઈ અર્પણ કરતા હતા એવા સમયે પણ આ પરભાવી સ્વરૂપ ગુરુજીને પોતાના માન-સન્માનની નહિ, પરંતુ હરિભક્તોને દર્શનનું સુખ આપી નિકટ લેવાની સ્પૃહા હતી. તા. ૧૧ જુલાઈ, ૨૦૨૩ના રોજ વિજાપુર ખાતે છેલ્લી ગુરુપૂર્ણિમા ઊજવાઈ હતી. આમ, તમામ ઝોનમાં ઊજવાયેલ ગુરુપૂર્ણિમા ઉત્સવની હરખભેર કરેલી તૈયારી સંતો-ભક્તોના ગુરુમહિમાના અભિવ્યક્તિનું પ્રતીક બની રહી હતી. વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સાથે ગુરુજી જે સેન્ટરમાં પધારતા ત્યાંના આગમન પથ રંગબેરંગી રંગોળી દ્વારા સુશોભિત કર્યા હતા. વિધવિધ સંગીત સુરાવલી તથા પુષ્પ







ગુરુજીની અનુવૃત્તિ મારા સુખડાંની કૂંચી.

વધામણાં દ્વારા વ્હાલા હરિકૃષ્ણ મહારાજ તથા વ્હાલા ગુરુજીનું સ્નેહલ સ્વાગત થયું હતું. હૃદયસ્પર્શી ગુરુજીની અનુભવાત્મક વાણી સાંભળતાં કેટલાયના ઘાટ-સંકલ્પો વિરામ પામી જતા તથા સાચા સત્પુરુષ મળી ગયાની અનુભૂતિ થતી. વિવિધ પુષ્પો તથા સૂકા મેવાના હારથી ગુરુજીનું પૂજન કરી સૌ ધન્યતા અનુભવતા.

આમ, તા. ૧૧-૬-૨૦૨૩થી આરંભાયેલી ગુરુપૂર્ણિમાની યાત્રા તા. ૧૧-૭-૨૦૨૩ના રોજ પૂર્ણ થઈ. જેમાં આશરે ૧,૪૯,૩૯૦થી વધુ મુમુક્ષુઓએ લાભ લીધો હતો. ઝોનવાઈઝ ગુરુપૂર્ણિમાનો લાભ લઈ ધન્ય બનેલા ભક્તોનો આંક આ પ્રમાણે રહ્યો હતો :

## ગુરુપૂર્ણિમા પ્રતિક ઉત્સવ સમરી રિપોર્ટ

| તારીખ | સેન્ટર | ટોટલ સંખ્યા | તારીખ | સેન્ટર | ટોટલ સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧૧-૬-૨૩ | ભાવનગર | ૧૭૫૦ | ૪-૭-૨૩ | મોરબી | ૫૨૦૦ |
| ૧-૭-૨૩ | મોડાસા | ૩૪૦૦ | ૫-૭-૨૩ | રાજકોટ | ૨૩૫૦ |
| ૨-૭-૨૩ | ગોધર | ૧૭,૦૦૦ | ૬-૭-૨૩ | મહેસાણા | ૪૭૩૦ |
| | ઑનલાઇન | ૨૦,૧૯૧ | ૮-૭-૨૩ | હિંમતનગર | ૩૫૦૦ |
| ૩-૭-૨૩ | વાસણા | ૧૦,૪૫૦ | ૯-૭-૨૩ | બરોડા | ૨૮૦૦ |
| | ઑનલાઇન | ૬૦,૨૯૪ | ૯-૭-૨૩ | સુરત | ૧૦,૪૦૦ |
| ૩-૭-૨૩ | વિદેશ ઑનલાઇન | ૨૭૫ | ૧૧-૭-૨૩ | વિજાપુર | ૭૦૫૦ |
| ૩-૭-૨૩ | ગુરુકુલ/છાત્રાલય | ૬૫૦ | | | ૧,૪૯,૩૯૦ |

## વાંચન પ્રેરણા

મહારાજની દયાથી આ સેવકને ઘનશ્યામ અંકનું વાંચન-શ્રવણ કરવું ખૂબ ગમે છે. મહારાજ તથા ગુરુજીને રાજી કરવાની રીત હોય કે અધ્યાત્મ માર્ગે આગળ વધવાનું બળ પ્રાપ્ત કરવું હોય તે માટે ઘનશ્યામ અંક ખૂબ ઉપયોગી નીવડે છે. એમાં પણ જ્યારથી ઑનલાઇન ઘનશ્યામ અંકની સુવિધા મળી રહી છે ત્યારથી તો ખૂબ આનંદ થયો છે. સમયની અનુકૂળતા મુજબ લાભ લઈ શકાય છે.

આ સેવકને જાન્યુઆરી, ફેબ્રુઆરી તથા માર્ચ-એપ્રિલ, ૨૦૨૩ના અંક વાંચ્યા બાદ ઘણો જ ફાયદો થયો છે. જાન્યુઆરીથી એપ્રિલ સુધી મનન-ચિંતન સાથે વાંચન કર્યું. જાન્યુઆરીનો પ્રાર્થના વિશેષાંક વાંચતા અંતરમાં ઘણું જ ટાઢું ટાઢું થયું. અને ગુરુજીના વચનને અધ્ધર ઝીલવા દઢ સંકલ્પ કર્યો. હવે એમની મરજી પ્રમાણે દરરોજ એક પ્રાર્થના મહારાજની મૂર્તિ સમક્ષ કગરીને કરું છું. તેનાથી ધ્યાન, માળા, માનસીપૂજા, વાંચન બધા સાધનમાં કોઈ ઘાટ-સંકલ્પ કે વિચારો આવતા નથી ને રિઝલ્ટ સાથે સાધન થાય છે, મહારાજમાં જોડાવાય છે. પહેલાં સાધન નિયમ કરવા ખાતર થતાં. ઘનશ્યામ અંકનું નિયમ ખાતર વાંચન થતું પણ હવે પ્રાર્થના કરીને પછી જે કંઈ વાંચન કરું તે મનન-ચિંતન સાથે થાય છે. ઘનશ્યામ અંક વાંચન બાદ ઘણો ફાયદો થયો ને દિવ્ય અનુભવ થયો. ખરેખર ઘનશ્યામ અંકના વાંચન-શ્રવણથી અંતરમાં ટાઢું ટાઢું થાય છે.

ફેબ્રુઆરી, ૨૦૨૩ના અંક વાંચન બાદ બીજાના સુખ-દુઃખમાં ભાગીદાર થવાય છે. અને દયા અને કરુણા રખાય છે. આ સેવક જ્યારે શાક લેવા જતાં ત્યારે શાક લીધાં બાદ પાછળથી ધાણા-મરચાંનો મસાલો માગતાં. પ્રામાણિકતા અંકનું વાંચન કર્યા બાદ ખબર પડી કે આ તો અપ્રામાણિકતા કહેવાય. આ પહેલાં તેની જાણ ન હતી તેથી શાકભાજીનું વજન કર્યા બાદ એકાદ રીંગણું વધુ નાખતાં. પણ હવે ખ્યાલ આવ્યો કે આ મફતનું કહેવાય. અંક વાંચનથી અને ગુરુજીની સભાનો લાભ લેતા જાણ થઈ કે આ તો અપ્રામાણિકતા છે. ગરીબનું ન લેવાય. આ સેવકે ત્યારથી સંકલ્પ કર્યો કે ક્યારેય ગરીબને દૂભવવા નહિ અને હવેથી આ સેવકે તેમાં સુધારો કરી લીધો છે. બીજાની જગ્યાએ બેસતા શિખાયું છે.

સર્વે હરિભક્તોને આ સેવક નમ્ર વિનંતી સાથે જણાવે છે કે, આપ સર્વે મુક્તો જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ-એપ્રિલ, ૨૦૨૩ના આ વિશેષાંકોનું વાંચન-શ્રવણ કરશો. અને એ પ્રમાણેનું જીવન બનાવી મહારાજ તથા ગુરુજીના અંતરનો રાજીપો પ્રાપ્ત કરશો.

– જશોદાબેન પ્રવીણભાઈ પટેલ, ગાંધીનગર


## Required Staff

સંસ્થામાં નીચેના વિભાગોમાં નિર્વ્યસની સ્ટાફ જોઈએ છે.

**Civil Engineer**

Education - Diploma/BE Civil Engineer
Experience - Minimum 2 Years, Fresher can Also Apply

**Site Supervisor**

Education - Graduate
Experience - Minimum 3 Years on Any Construction site

**Draft Man**

Education - Diploma Civil Engineer, Draft man Civil
Experience - Minimum 2 years

**Send Your Resume at nirman@in.smvs.org**
**Sunilbhai Patel (M) - 9825310463.**



SMVS SWAMINARAYAN HOSPITAL
A Humanitarian Hospital

# હવે થયો વિશેષતાઓમાં વધારો
# વર્ષ ૨૦૨૩માં

## Yag Laser Machine
## (આંખમાંથી છારી નીકાળવાનું લેસર મશીન)

ડિપાર્ટમેન્ટ ઑફ ઓપ્થેલ્મોલોજી



**મોતિયાના ઑપરેશનના અમુક મહિના કે વર્ષો બાદ**

- ઝાંખું દેખાવું
- આંખ લાલ થવી
- આંખમાં બળતરા થવી

જેવી સમસ્યાઓ આંખમાં છારીનાં લક્ષણો છે.

આ સમસ્યાઓના નિવારણ માટે Yag Laserથી સારવાર કરવામાં આવે છે. જેના દ્વારા આંખની છારીનું નિવારણ કરી શકાય છે.

## Thulium Laser Machine

ડિપાર્ટમેન્ટ ઑફ યુરોલોજી



– મૂત્રમાર્ગ તેમજ કિડનીની નળીમાં રહેલ પથરીની લેસર મશીનથી સારવાર
– પ્રૉસ્ટેટનાં ઑપરેશન માટે અત્યાધુનિક તેમજ સૌથી લેટેસ્ટ Thulium Laser મશીનની ઉપલબ્ધ સુવિધા લેસર દ્વારા ઑપરેશનના ફાયદા;

- દુખાવા વગરનું ઑપરેશન
- કોઈ પણ પ્રકારના વાઢકાપ વગરનું ઑપરેશન
- સૌથી ઓછા સમયમાં હૉસ્પિટલમાંથી ડિસ્ચાર્જ તેમજ ઓછા આરામની જરૂર
- સૌથી ઝડપી રિકવરી

## Lasotronix Laser Machine

ડિપાર્ટમેન્ટ ઑફ જનરલ સર્જરી




**આ મશીનના ઉપયોગ દ્વારા નીચેની તકલીફોમાં લેસર મશીન દ્વારા સારવાર**

- હરસ
- મસા
- ભગંદર
- વેરીકોઝ વેઇન
- શરીરના અન્ય ભાગોના લેસર દ્વારા ઑપરેશન

**લેસર મશીનથી થતા ફાયદાઃ**

- ઝડપથી હૉસ્પિટલમાંથી રજા
- દુખાવામાં રાહત
- ઑપરેશન દરમ્યાન સામાન્ય વાઢકાપ.



SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલ SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલ રોડ, સ્વામિનારાયણ ધામની બાજુમાં, કોબા-ગાંધીનગર હાઇવે, ગાંધીનગર-૩૮૨૦૦૭. વધુ માહિતી માટે કૉલ કરો : ૬૩૫૯૭૭૦૭૨૫
info@smvshospital.com • Emergency help line :-73 73 73 39 04/ 05
WWW. smvshospital. coma



ઉચ્ચ વિચાર જીવનને ઊર્ધ્વગતિ તરફ લઈ જાય છે.

**તા. ૧૭-૫-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સાયંકાળે ૨ પધરામણી, ૧ મહાપૂજા તથા ૧ રસોઈનો લાભ આપી હરિભક્તોના મનોરથ પૂર્ણ કરી રાજીપો વરસાવ્યો હતો.

**તા. ૩૧-૫-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં દિવ્યવાણીનો લાભ આપી મુમુક્ષુઓને સુખિયા કર્યા હતા. આ પ્રસંગે ૨૫,૧૦૨થી પણ વધુ હરિભક્તોએ પ્રત્યક્ષ તથા ઑનલાઇન ઉપસ્થિત રહી દર્શન-આશીર્વાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

**તા. ૪-૬-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **વાસણા** ખાતે પૂનમ સમૈયામાં કથાવાર્તાનો લાભ આપી હરિભક્તોને બળિયા કર્યા હતા. આજના દિને ઉપસ્થિત ૨૬,૯૨૧થી પણ વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઇન દર્શન-આશીર્વાદ આપી કૃપાવર્ષા વરસાવી હતી.

**તા. ૯-૬-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ સાયંકાળે **ભાવનગર** ખાતે સિંહાસનમાં **ગુરુદેવ પ.પૂ. બાપજી**ની મૂર્તિપ્રતિષ્ઠાનો લાભ આપ્યો હતો. આજરોજ રાત્રિ સેશનમાં **વ્હાલા ગુરુજી**એ યૂથ કન્વેન્શન દરમ્યાન 'દયા-કરુણા' વિષય પર દિવ્યવાણીનો લાભ આપી ૧૮૦૦થી પણ વધુ યુવાનોને સાચી દિશા બતાવી સદ્‌માર્ગે વાળ્યા હતા.

**તા. ૧૦-૬-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ભાવનગર** ખાતે શહેર વિસ્તારમાં ૩ તેમજ **તળાજા** ખાતે ૪ એમ ૭ હરિભક્તોના ગૃહે પધરામણી, ૧ રસોઈ તથા ૧ મહાપૂજાનો લાભ આપી પ્રેમીભક્તોને લાડ લડાવ્યા હતા. આજરોજ રાત્રિ સેશન દરમ્યાન યોજાયેલ યુવા સંમેલનમાં 'પ્રામાણિકતા' વિષય પર અનુભવાત્મક દિવ્યવાણીનો લાભ આપી ૯૦૦થી વધુ યુવાનોને પ્રામાણિકતાના માર્ગે વાળ્યા હતા.

**તા. ૧૧-૬-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ભાવનગર** ખાતે પ્રાતઃ સમયે અંગત શિબિર દરમ્યાન ૫૫૦થી પણ વધુ મુક્તોને બળપ્રેરક કથાવાર્તાનો લાભ આપી, રાજીપાના માર્ગે આગળ વધાર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ બાળ-કિશોરોના પ્રોગ્રામમાં ૧૪૦થી વધુ બાળ-કિશોરોને હળવી રમૂજમાં દિવ્યવાણીનો લાભ આપી રાજી કર્યા હતા.

**તા. ૧૪-૬-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે એકાદશીના દિવસે સંકલ્પ સભામાં દિવ્યવાણીનો લાભ આપી હરિભક્તોને સુખિયા કર્યા હતા. આજના દિને ૩૦,૭૩૨થી પણ વધુ હરિભક્તો પ્રત્યક્ષ તથા ઑનલાઇન દર્શન-આશીર્વાદનો લાભ લઈ કૃતાર્થ બન્યા હતા.

**તા. ૨૮-૬-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ઘનશ્યામનગર** ખાતે પ્રાતઃ સમયે ૧૪ હરિભક્તોના ગૃહે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પધરામણી કરી, હરિભક્તોના સાંસાગોટિલા સ્વીકાર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સાયંકાળે **નિકોલ** ખાતે ૯ હરિભક્તોના ગૃહે પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી હરિભક્તોના મનોરથ પૂરા કર્યા હતા.

**તા. ૨૯-૬-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે પ્રાતઃ સમયે સંકલ્પ સભામાં ૩૦,૮૫૭થી પણ વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઇન દર્શન-આશીર્વાદ અને કથાવાર્તાનો લાભ આપી ધન્ય કર્યા હતા.

**તા. ૨-૭-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **મોડાસા** ખાતે પ્રાતઃ સમયે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે ૨ હરિભક્તોના ગૃહે પધરામણીનો લાભ આપી રાજીપો વરસાવ્યો હતો.

**તા. ૫-૭-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **રાજકોટ** ખાતે ૪ હરિભક્તોના ગૃહે પધરામણી તેમજ ૧ રસોઈનો લાભ આપી પ્રેમીભક્તોના કાલાવાલા અંગીકાર કર્યા હતા.

**તા. ૯-૭-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **પાનોલી (સુરત)** ખાતે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પ્રેમી હરિભક્તના ગૃહે ૧ પધરામણીનો લાભ આપી હરિભક્તના મનોરથ પૂરા કરી રાજીપો વરસાવ્યો હતો.

**તા. ૧૦-૭-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વરાછા (સુરત)** ખાતે પ્રાતઃ સમયે અંગત શિબિર દરમ્યાન ૬૨૫થી પણ વધુ હરિભક્તોને દિવ્યવાણીનો લાભ આપી રાજીપાના માર્ગે આગળ વધાર્યા હતા.

**તા. ૧૩-૭-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે પ્રાતઃ સમયે સંકલ્પ સભામાં અનુભવાત્મક દિવ્યવાણીનો લાભ આપી મુમુક્ષુઓને સુખિયા કર્યા હતા. આજના દિને ૨૯૧૯૧થી પણ વધુ હરિભક્તોએ પ્રત્યક્ષ તથા ઑનલાઇન દર્શન-આશીર્વાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

## દિવ્ય સંત શિબિર : ૨૦૨૩

**"સ્થિતિ કા દાન કરને કો, ગુરુજી ખાસ પધારે હૈ."**

શ્રીજીમહારાજ જે હેતુ માટે આ બ્રહ્માંડને વિષે પધાર્યા તેનું પ્રવર્તન વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી દ્વારા કરાવી રહ્યા છે. વ્હાલા ગુરુજી વારે વારે રુચિ જણાવતા હોય છે કે, 'કૂવામાં હશે તો હવાડામાં આવશે.' સંતો એ કૂવાને ઠેકાણે છે. એ ન્યાયે તા. ૧૨-૬-૨૦૨૩થી તા. ૨-૭-૨૦૨૩ દરમ્યાન વ્હાલા ગુરુજીના દિવ્ય સાંનિધ્યમાં દિવ્ય સંત શિબિરનું બે ભાગમાં આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ ત્રણ દિવસ ગુરુજીના સંકલ્પે કોર્સનું આયોજન કરવામાં આવ્યું હતું અને બાકીના ૭ દિવસ ધ્યાનકુટિરનું આયોજન હતું. તદુપરાંત શિબિરના મુખ્ય અધ્યાત્મરૂપ વ્હાલા ગુરુજીની દિવ્યવાણી તો ખરી જ. સાથે સાથે આ સૌ પૂ. સંતોએ એકાંત, ગ્રૂપ ગોષ્ઠિ, ભેટણ લીલા જેવાં આયોજન દ્વારા મૂર્તિસુખ પામવાની યાત્રાના માર્ગે મંડાણ માંડ્યા હતા.

## સંસ્થા ગૌરવ

**પ્રેયાંશ કમલેશભાઈ ઠક્કર – વાસણા**



વાસણા સેન્ટરના કિશોરમુક્ત પ્રેયાંશ કમલેશભાઈ ઠક્કરે હાલ GULLAS College of Medicine, ફિલિપાઇન્સ ખાતે સમસ્ત કૉલેજમાં પાંચમાં ક્રમાંક સાથે ઉત્તીર્ણ થઈ MBBSની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. શ્રીજીમહારાજ, બાપાશ્રી, સદ્‌ગુરુશ્રીઓ, ગુરુદેવ અને ગુરુજીના ચરણોમાં એ જ પ્રાર્થના કે તેઓ પોતાની કારકિર્દીમાં જ્વલંત સફળતા પ્રાપ્ત કરે.

## વ્હાલા ઘનશ્યામ મહારાજ સંગે પૂ. સંતોનું યુ.એસ.એ.-કેનેડા ખાતે સત્સંગ વિચરણ









ભગવાન સ્વામિનારાયણનો ભવ્ય અને પ્રચંડ સંકલ્પ છે કે, અનંત જીવોને અનાદિની સ્થિતિ પમાડવી જ છે. આ સંકલ્પની વિશેષ પુષ્ટિ માટે જ પૂ. સંતો વિદેશમાં સત્સંગ વિચરણ અર્થે જાય છે. આ વર્ષે પણ વ્હાલા ગુરુજીની આજ્ઞાથી યુ.એસ.એ.-કેનેડા ખાતે પૂ. સંતોનું વિચરણ યોજાયું હતું. તા. ૯ માર્ચ ને ગુરુવારે સંધ્યા વેળાએ વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંત મંડળ ચેરીહિલ (USA) ખાતે રવાના થયું. જેમાં પૂ. સંતોમાં પૂ. દર્શનસ્વામી, પૂ. નિર્દોષસ્વામી (મોટાસ્વામી), પૂ. સ્મરણસ્વામી તથા હરિભક્તોમાં પ.ભ. મોહનભાઈ પટેલ પણ વિચરણ અર્થે પધાર્યા હતા.

તા. ૧૦ માર્ચથી શરૂ થયેલ પૂ. સંતોનું વિચરણ યુ.એસ.એ. ખાતે ચેરીહિલ, એડિસન, જર્સીસિટી, બોસ્ટન, ઍટલાન્ટા, શિકાગો આદિ **SMVS**ના સેન્ટરોમાં તેમજ ન્યૂજર્સી, પેન્સિલ્વેનિયા, મેરિલેન્ડ, વર્જિનિયા, નોર્થ કેરોલીના, સાઉથ કેરોલીના, જ્યોર્જિયા, ફ્લૉરિડા, ટેનિસી, કેન્ટકી, ઇંડિયાના પોલીસ, ટેક્સાસ, ઓહાયો, ઇલિનોઈસ, મૅસેચ્યૂસેટ્સ જેવા સ્ટેટમાં તેમજ કેનેડામાં ટોરન્ટો, કીચનર, ગલ્ફ, કેમ્બ્રિજ, વુડસ્ટોક, લંડન, વિન્ડસર વગેરે જેવા શહેરોમાં યોજાયું. આ વિચરણ દરમ્યાન **SMVS**નાં મંદિરો ખાતે શ્રીહરિ પ્રાગટ્યોત્સવ, ગુરુદેવ પ.પૂ. બાપજી પ્રાગટ્યોત્સવ જેવા ઉત્સવો ખૂબ ભવ્યતાથી ઉજવાયા. તદુપરાંત મહિમા સભા, મહિમા ગોષ્ઠિ, પ્રાતઃ સભા, રાત્રિ સભા, પિકનિક, આદર્શ પ્રૉજેક્ટ સભા, સ્ટાફ સભા, અગ્રેસર સભા, જાહેર સભા તેમજ અંગત બેઠક દ્વારા બાળકો-કિશોરો-યુવકો પૂ. સંતો સાથે નિકટતા કેળવી હતી, મહિમાસભર બન્યા હતા. અને નિયમ-ધર્મની દૃઢતાના નેમ લીધા હતા.

આ રીતે યુ.એસ.એ.-કેનેડા ખાતે કુલ ૯૭ દિવસીય વિચરણ દરમ્યાન ૨૯૨ પધરામણી, મહાપૂજા, ૧૦૦ જેટલી સભાઓ આદિક જેવા પ્રોગ્રામો દ્વારા ૧૫૦૦ જેટલા હરિભક્તોને બળિયા કરી પૂ. સંતોએ તા. ૧૫ જૂન, ૨૦૨૩ ને ગુરુવારના રોજ ઇન્ડિયા આવવા માટે પ્રસ્થાન કર્યું હતું.

## SKS Camp

તા. ૧૮-૧૯-૨૦ જૂન, ૨૦૨૩ દરમ્યાન સ્વામિનારાયણ ધામ ખાતે ત્રિ-દિવસીય SKS કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ દરમ્યાન કિશોરમુક્તોને પૂ. સંતોના સાંનિધ્યમાં વિવિધ વિષયો પર પ્રવચન દ્વારા લાભ, ઍક્ટિવિટી, અંગત બેઠક આદિ માધ્યમો દ્વારા સત્સંગનું સવિશેષ બળ પ્રાપ્ત થયું હતું. વળી, વ્હાલા ગુરુજીએ પણ પોતાના હૃદયસમા કિશોરમુક્તોને લેખિતમાં આશીર્વાદ ઉપરાંત સંદેશ પાઠવી સુખિયા કર્યા હતા. આમ, આ SKS કેમ્પમાં સંસ્થામાંથી ૧૦૦થી પણ વધુ કિશોરોએ ‘ગુરુજીના રાજીપામાં જ રહેવું છે’ એવો જીવનધ્યેય નક્કી કરી ઉત્સાહભેર લાભ લીધો હતો.

ભક્તિ ગૃહ ઉદ્યોગ દ્વારા

# રક્ષાબંધન સ્પેશ્યલ

શુધ્ધ, સ્વાદિષ્ટ અને પવિત્ર | ખાસ સત્સંગી બંધુઓ માટે

BHAKTI SWEETS
Purity of Swaminarayan

## સ્વામિનારાયણ સંપ્રદાયના ધર્મ-નિયમે યુક્ત ફરસાણ તથા મીઠાઈઓ


કેસર પેંડા – Rs. 400/-


ઈલાયચી પેંડા – Rs. 400/-


સોન પાપડી – Rs. 320/-


બેકરી બિસ્કિટ (સાદા) – Rs. 160/-


થાબડી પેંડા – Rs. 440/-


તીખું ચવાણું – Rs. 200/-


કાજુ કતરી – Rs. 860/-


પૌંવા ચેવડો – Rs. 200/-


ખાજાં (ખારાં, ગળ્યાં, તીખાં) – Rs. 300/-

**ખાસ નોંધ :**

ઉપરોક્ત જણાવેલ કેસર પેંડા, ઈલાયચી પેંડા, થાબડી પેંડા, કાજુ કતરી, તીખું ચવાણું આ તમામ વસ્તુનું પેકિંગ/ઓર્ડર ૨૫૦ ગ્રામ તથા ૫૦૦ ગ્રામમાં ઉપલબ્ધ જ્યારે સોન પાપડી, ખાજાં (ખારાં, ગળ્યાં, તીખાં), બેકરી બિસ્કિટ આ તમામ વસ્તુનું પેકિંગ ૨૫૦ ગ્રામમાં ઉપલબ્ધ અને પૌંવા ચેવડો રૂ.૪૦ના પેકિંગમાં ઉપલબ્ધ થશે.

સંસ્થાના તમામ મંદિરોમાં ઓર્ડર નોંધવામાં આવે છે... તો આપનો ઓર્ડર આજે જ નોંધાવો...

# SMVS on Youtube

સર્વોપરી ભગવાન સ્વામિનારાયણના સંકલ્પોના પ્રવર્તનની પુષ્ટિ કરાવતી અનુભવાત્મક દિવ્યવાણીનો લાભ આજે જ લ્યો અને લેવડાવો.

**SMVS**

ગુરુજીનું વિચરણ, વિડિયો કીર્તન, શોર્ટ સત્સંગ તથા ધૂન્ય અને બીજું ઘણું બધું...

**SMVS LIVE!**

સંસ્થામાં ઊજવાતા સમૈયા–ઉત્સવોનો Live લાભ

**SMVS Katha**

ગુરુદેવની અમૃતવાણી તથા ગુરુજીની દિવ્યવાણી ઉપરાંત પૂનમ સમૈયો તેમજ સંકલ્પ સભાનો Live લાભ

Ghanshyam, August-2023. Published on 10-08-2023. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/ 2021-23, Valid up to 31-12-2023. Regd No. G-GNR-315/ 2021-23, Extended up to 31-12-2023. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.






દિવ્ય સંત શિબિર


નૂતન સાહિત્યિક પ્રકાશન

## મૂર્તિસુખના પાત્ર થવા અવશ્ય વાંચો...

# સદ્. વૃંદાવનસ્વામીની વાતો

### આ પુસ્તકની વિશેષતાઓ

- મુમુક્ષુમાત્રને શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડાવા માટેનું અનેરું બળ પૂરું પાડતી વાતો.
- અનાદિમુક્તના જ્ઞાનની અનુભવલક્ષી વાતો.
- બાપાશ્રીની વાતોના અર્કરૂપ મૂર્તિના સુખની વાતો.




**પ્રાપ્તિસ્થાન**

એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ મંદિરના તમામ બુકસ્ટોલ.